# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬

www.jainjagruti.com
www.jainjagruticentre.com
www.jainjagruticentre.org

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કૅબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| આઈ.પી.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | શ્રી પ્રફુલ્લ એમ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી કીર્તિ પી. સખપરા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| ખજાનચી | : શ્રી અનિલ જી. દોશી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

### જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી કિશોર એસ. શેઠ |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી પ્રવીણ જી. શાહ |
| શ્રી કમલેશ સી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| શ્રી શૈલેશ ડી. શાહ | શ્રી અનિલ જી. દોશી |
| શ્રી રાજેષ આર. ભણસાલી | શ્રી રમેશ એમ. સંઘવી |

● પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
● કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.



છૂટક મૂલ્ય રૂા.૫/-    વાર્ષિક લવાજમ રૂા.૪૦/-


## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

બધાં જ અગત્યનાં પરિણામો આવી ગયાં. દશ અને બારમાનાં પરિણામો જાહેર થતાંની સાથે જ વાલીઓની ધડકન વધી ગઈ. કૉલેજમાં ઍડ્મિશન માટે ઉચ્ચક જીવે દોડધામ કરવાની મોસમ ચાલુ થઈ ગઈ. કૉલેજમાં ઍડ્મિશન લેવાનું એટલે તોતિંગ બજેટની વ્યવસ્થા કરવાનું. પૈસેટકે સામાન્ય મધ્યમ વર્ગ ખાધેપીધે સુખી છે, પણ સંતાનોના કૉલેજના ખર્ચાનો મેળ કરી શકતો નથી. તેના માટે ડિક્શનેરીમાં નવો શબ્દ ઉમેરવો પડે તેમ છે. આજકાલ આ બધા અભ્યાસના માર્ક્સનો પણ ફુગાવો થઈ ગયો છે. ૯૦% નીચેના વિદ્યાર્થીએ શું કરવું? ક્યાં જવું એ ખબર જ નથી પડતી. તેઓ અને તેમના વાલીઓ દિશાવિહીન છે. દિલ્હીની એક કૉલેજે જાહેર કર્યું કે તેની જ સ્કૂલમાંથી પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે કૉલેજમાં ઍડ્મિશન માટેની જરૂરિયાત ૯૮.૫% અને અન્ય સ્કૂલમાંથી પાસ થયેલ વિદ્યાર્થીઓ માટે માર્ક્સનું મિનિમમ ધોરણ ૧૦૦%!! એનો મતલબ ૯૯.૯૯% માર્ક્સ લાવનાર વિદ્યાર્થીએ એ કૉલેજમાં પ્રવેશ મેળવવા સ્વપ્નામાં પણ વિચાર કરવો નહીં! આ રોગ ધીમેધીમે પ્રસરવાનો જ. બોલો હવે માર્ક્સના આ ફુગાવાને કઈ રીતે ખાળવો?

જેજેસીમાં પણ હાયર એજ્યુકેશન લેવા માટે લાયક વિદ્યાર્થીઓને લોન આપવા માટે કાર્યવાહી કરવાની સિઝન આવી ગઈ. જેજેસીની ઑફિસમાં હવેના ત્રણ મહિના ધમાધમ ચાલશે. જેજેસીના પદાધિકારીઓએ ઘરે કહી દીધું હશે કે હવેના ચાર મહિના અમને વતાવશો નહીં! ફરી વાર યાદ દેવડાવું કે જેજેસીનું આ વર્ષની લોન યોજનાનું બજેટ છ કરોડ રૂપિયાનું છે. દરેક સેન્ટર તેમની જવાબદારી સમજે અને આ મહામૂલા પ્રોજેક્ટને સપોર્ટ કરે, પોતાનો ફાળો આપવા દરેક જૈન ઉત્સુક છે. ફક્ત તેમનો સંપર્ક યોગ્ય સમયે કરવાની જરૂર છે અને આ કામ દરેક સેન્ટરની કારોબારી કરી શકે છે. જો દરેક કારોબારી સભ્ય આ જવાબદારી ઉત્સુકતાથી નિભાવે તો મને ખાતરી છે કે રૂપિયા છ કરોડની વ્યવસ્થા આપણા પરિવારમાંથી જ થઈ જાય. માટે મારી દરેક કમિટીને (૧૪૦ સેન્ટર) વિનંતી છે કે ''લાગી જાવ'', આ આપણી કસોટી જ છે.

૨૦૦૫થી શરૂ કરેલા આ થીમ પ્રોજેક્ટને વધુ ને વધુ સફળ બનાવવા અથાક પુરુષાર્થ કરી રહ્યા છીએ અને સાથેસાથે એ પ્રોજેક્ટને પૂજ્ય સાધુ-સંતોના આશીર્વાદ મળે તેવી પ્રાર્થના કરતા હતા. મને જણાવતાં આનંદ થાય છે કે આપણને સાધુ-સંતોના આશીર્વાદ પ્રાપ્ત થઈ રહ્યા છે. પ. પૂ. રત્નસુંદરજી મ.સા., પ. પૂ. નયપદ્મ મ.સા., પ. પૂ. ગુરુદેવ નમ્રમુનિ મ.સા., પ. પૂ. ધીરજમુનિ

મ.સા. વગેરે તેમનાં વ્યાખ્યાનમાં જેજેસીની આ પ્રવૃત્તિનો ઉલ્લેખ કરી જૈન અનુયાયીઓને ફાળો આપવા અપીલ કરે છે અને તેનો પ્રતિભાવ પણ હકારાત્મક આવી રહ્યો છે.

મેઘરાજાની સવારી આવી પહોંચી છે. કાળઝાળ ગરમીમાં થોડી રાહત થઈ. દરેક જગ્યાએ વરસાદની સારી શરૂઆતના વાવડ છે. આ વર્ષે મેઘરાજાની મહેરબાની સારી રહેશે તેવાં એંધાણ છે. વરસાદ બે-ચાર દિવસ મોડો આવે તો આપણે બેબાકળા બની જઈએ છીએ, કુદરત રૂઠી છે તેવો બળાપો કાઢીએ છીએ, પણ કુદરત પર આપણે કેટલા જુલમ કરીએ છીએ તેનું ભાન આપણને છે? પર્યાવરણની તો હાલત કરી નાખી છે. ઠેરઠેર વિશાળ ડેમ, ધરતીમાતાની છાતી ચીરી તેમાંથી પેટ્રોલિયમ કાઢી હવામાં ઓકાતો કાર્બન ડાયોક્સાઈડ અને તેને પ્રોસેસ કરી ફરી વાર ઑક્સિજન બનાવતાં જંગલોનો સફાયો કરી આપણે કઈ રીતે જીવવું છે? તેનો વિચાર કોઈ કરતું નથી. ઝાડ પરનું એક પાંદડું પણ નહીં તોડવાનો ઉપદેશ આપણા ભગવાને હજારો વર્ષ પહેલાં આપ્યો હતો તેનો કાંઈક તો અર્થ હશે જ ને! ખેર, આપણે બીજું કરી પણ શું શકીએ? આપણે તો હિન્દુસ્તાનની વસ્તીના અડધા ટકામાં રાચીયે છીએ!

ત્રણ મહિના પહેલાં મેં જ આ કૉલમમાંથી અણ્ણા હઝારેના પ્રયત્નોને વધાવતાં લખેલું, સાથેસાથે એ પણ લખેલું કે નફ્ફટ રાજકારણીઓ આ સંઘને કાશીએ પહોંચવા જ નહીં દે અને એમ જ બની રહ્યું છે. તેઓ બધાને ચર્ચામાં ઘસડી જઈ, સમિતિ અને પેટાસમિતિઓનાં જાળાં બનાવી આવતાં ૫૦ વર્ષ સુધી ખેંચી જશે, પણ લોકપાલ બિલ પાસ થવા નહીં દે. મને તો આ રાજકારણીઓની બિરાદરી પર માન થવા લાગ્યું છે. કેવા એકબીજાની પડખે ઊભા રહ્યા છે! એમણે પરસેવો પાડી(!) બુદ્ધિધનનો ઉપયોગ કરી (!) ઉત્પન્ન કરેલી મિલકત સહીસલામત રહે તે રીતે વિદેશમાં મૂકી દે તો આપણને શું વાંધો હોવો જોઈએ? તેઓએ કમાયેલા છે, તેમનો હક છે તેના ઉપર! મર્યા પછી આ મિલકત જ તેમને કામમાં આવવાની છે!! હિન્દુસ્તાનની પ્રજા થોડી તેમના કામમાં આવવાની છે? કાળું નાણું એટલે શું? જે કમાણી પર ઈન્કમટૅક્સ ન ભર્યો હોય તે Black Money, તો પછી એવું એક બિલ પાસ કરાવી નાખો ને કે રાજકારણીઓ અને સરકારી બાબુઓએ તેમની આવક પર કોઈ ટૅક્સ ભરવાની જરૂર નથી. બધા જ પક્ષો ભેદભાવ ભૂલીને એક જ બેઠકમાં આ બિલ સંપથી પાસ કરી નાખશે અને હઝારેસાહેબ કે બાબા રામદેવની યાતનાનો અંત આવી જશે, કોઈ ઉપવાસ-બુપવાસ કરવા નહીં પડે. આમેય રાજકારણીઓના એ પૈસા આપણને ક્યાં નડે છે? બિચારા લૉકરમાં સડયા કરે છે. એક 'બાબા'એ તો હમણાં જાહેર કર્યું છે કે આ પૈસા સ્વર્ગમાં ટ્રાન્સ્ફર કરી આપશે! આપણું શું જાય, ભલે ને બિચારા જીવ સ્વર્ગમાં જઈને આનંદ કરે! આપણે અહીં મૃત્યુલોકમાં એમને ક્યાં સુખચેનથી રહેવા દઈએ છીએ! આ અવળવાણી હું નથી બોલતો, પણ મારી નિરાશા મારી પાસે લખાવે છે.

આમ તો હું બીજા કારણથી પણ Depressionનો અનુભવ કરી રહ્યો છું. ગમે તેવી છપ્પનની છાતીનો બાપ, દીકરીની વિદાયની ઘડી આવે ત્યારે ઢીલો થઈ જાય છે તેવું બહુ જ વાંચેલું, કેટલાય કન્યાવિદાયના પ્રસંગનો સાક્ષી રહેલો, પણ ક્યારેય અનુભવેલું નહીં. ૨૯મી મેના રોજ મેં મારી વહાલસોઈ દીકરીને સાસરે મોકલી ત્યારે એક આંખમાં દીકરીની વિદાયનાં આંસુ અને બીજી આંખમાં હર્ષનો અનુભવ લીધો.

મારા જીવનમાં શૂન્યાવકાશ વ્યાપી ગયો છે. ઑફિસથી આવીને, બેટા આ લાવ, તે લાવની બૂમ પાડી નાખું છું, પણ પછી યાદ આવે છે કે દીકરી તો સાસરે જતી રહી છે. ભોંઠો પડી જાઉં છું. બહારથી થાકેલો આવી સોફામાં પડતું મૂકું ત્યાં તો દીકરી આવીને બાજુમાં ગોઠવાઈ જતી, સ્મિતથી ટેન્શન હળવું કરી દેતી, લાડભર્યા આદેશો ફેંકતી મારી વહાલનો દરિયો તો હવે તેના પરિવારમાં સમાઈ ગઈ છે તેવું ભાન થતાં હું શૂન્યાવકાશની ગર્તમાં સરી પડું છું અને મારી આંખના ખૂણામાંથી ટપક એક ટીપું ચુપચાપ સરી પડે છે. આ તો માનવીએ રચેલી રસમ છે. તેને અનુસરવું જ જોઈએ તેમ મન મનાવી લઉં છું. તમે બધા પણ મારા જેવી સ્થિતિમાંથી પસાર થયા હશો અથવા હવે થશો તેથી મારી હાલત સમજી શકતા હશો.

ચાલો ત્યારે, પોરબંદરથી ચંદુભાઈ વોરાનો અને બીજા મોબાઈલ પર જામનગરથી વિજય મેતાની રિંગ વાગી રહી છે. ૧૯મીએ શરૂ થનાર બન્ને નવાં સેન્ટર માટેની કાંઈક વહીવટી જ વાત હશે. બધું ભૂલી જઈને કામે લાગી જાઉં. શ્રી પ્રફુલ્લભાઈ શાહ (સુરેન્દ્રનગર)ની મહેનતથી 'બાપુ'ના જન્મસ્થળે જ જેજેસીનું ૧૩૮મું સેન્ટર શરૂ કરવાનો આનંદ કાંઈક ઑર જ હશે. નવા સેન્ટર શરૂ કરવાની સુરેન્દ્રનગરની મોનોપોલી શ્રી પ્રફુલ્લભાઈ આગળ ધપાવી રહ્યા છે તેથી સંતોષ થાય છે. સૌરાષ્ટ્રના પૅરિસ જામનગરમાં ૧૪૦મું સેન્ટર શરૂ કરવા વિજય મેતા થનગની રહ્યા છે. બન્ને સેન્ટરને આપણે ૬૪૦૦૦ સભ્યો મીઠો આવકાર આપીએ છીએ.

*લિ. જિતેન્દ્ર કોઠારી*
*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|
| • અમૃતનગર : | ૨૦-૦૫-૧૧ | પ્રહસન : 'ભગવાનની મહેર તો લુખ્ખાને લહેર' | ✉ |
| | ૦૫-૦૬-૧૧ | મૂવી : 'Ready' | ▲ |
| | ૧૧-૦૬-૧૧ | મૅજિક શો : 'K. Lalની માયાજાળ' | ★ |
| • બીચ સાઈડ : | ૦૯-૦૫-૧૧ | નાટક : 'સંસારની સેમિફાઈનલ' | ★ |
| • બોરીવલી : | ૧૩-૦૩-૧૧ | નાટક : 'આંખોની પેલે પાર' | ▲ |
| | ૨૦-૦૩-૧૧ | રંગોત્સવ : 'ધુળેટી' | ★ |
| | ૨૩-૦૩-૧૧ | નાટક : 'બદલાતા ચહેરા' | ✉ |
| | ૧૩-૦૫-૧૧ | નાટક : '૧૦૨ નોટ આઉટ' | ✉ |
| | ૨૦-૦૫-૧૧ | નાટક : 'સંસારની સેમિફાઈનલ' | ★ |
| • ભાંડુપ-વિક્રોલી : | ૧૪-૦૫-૧૧ | પ્રહસન : 'લો ગુજ્જુભાઈ ઘોડે ચડ્યા' | ✉ |
| • ચેન્નાઈ : | ૧૫-૦૫-૧૧ | મૂવી : — | ✉ |
| • દાદર : | ૦૯-૦૫-૧૧ | નાટક : '૧૦૨ નોટ આઉટ' | ✉ |
| | ૩૦-૦૫-૧૧ | કવ્વાલી : 'જુનૂન' | ✉ |
| • દહિસર : | ૨૫-૦૫-૧૧ | મૅજિક શો : 'K. Lalની માયાજાળ' | ✉ |
| • ડાઉન ટાઉન : | ૧૧-૦૫-૧૧ | મૅજિક શો : 'K. Lalની માયાજાળ' | ✉ |
| | ૨૯-૦૫-૧૧ | નાટક : '૧૦૨ નોટ આઉટ' | ✉ |
| • જેમ્ જગડુશા : | ૦૫-૦૫-૧૧ | નાટક : 'આપણાં એ આપણાં' | ✉ |
| | ૧૩-૦૫-૧૧ | નાટક : 'સંસારની સેમિફાઈનલ' | ✉ |
| • ગોલ્ડન ગારોડિયા : | ૧૫-૦૫-૧૧ | ભક્તિ નૃત્ય સંગીત : 'સથવારો રાધેશ્યામનો' | ✉ |
| | ૩૦-૦૫-૧૧ | નાટક : 'Don't Worry Pappa, હું છું ને!' | ✉ |
| • જુહુ : | ૦૧-૦૫-૧૧ | મૂવી : 'Shore in the City' | ✉ |
| | ૦૪-૦૫-૧૧ | મૂવી : 'ચલો દિલ્હી' | ✉ |
| | ૧૨-૦૫-૧૧ | સંગીત : 'ડૉ. ફાલ્ગુની ડૉક્ટર' • સેન્ટરનો જન્મદિન | ★ |
| | ૧૫-૦૫-૧૧ | મૂવી : 'શાગિર્દ' | ✉ |
| | ૨૨-૦૫-૧૧ | મૂવી : 'સ્ટેનલી કા ડબ્બા' | ▲ |
| | ૨૮-૦૫-૧૧ | ક્રિકેટ : 'IPL Final' | ★ |
| • જુહુ બીચ : | ૧૦-૦૫-૧૧ | નાટક : 'સંસારની સેમિફાઈનલ' | ★ |
| • કાંદિવલી : | ૧૮-૦૫-૧૧ | મૅજિક શો : 'K. Lalની માયાજાળ' | ✉ |
| | ૨૩-૦૫-૧૧ | નાટક : 'સંસારની સેમિફાઈનલ' | ✉ |
| • કલાનગરી વડોદરા : | ૦૧-૦૫-૧૧ | નાટક : '૧૦૨ નોટ આઉટ' | ✉ |

| | | | |
|---|---|---|---|
| ● મલાડ | : | ૧૮-૦૫-૧૧ મ્યુઝિકલ શો : 'તારે જમીન પર' | ★ |
| | | ૨૩-૦૫-૧૧ નાટક : — | ✉ |
| ● મુંબઈ | : | ૧૨-૦૫-૧૧ મૅજિક શો : 'K. Lalની માયાજાળ' | ✉ |
| | | ૩૦-૦૫-૧૧ પ્રહસન : 'મિસિસને માથે બેસાડીને રાખો' | ✉ |
| ● નવી મુંબઈ | : | ૦૫-૦૫-૧૧ પ્રહસન : 'લો ગુજ્જુભાઈ ઘોડે ચડ્યા' | ✉ |
| | | ૧૨-૦૫-૧૧ નાટક : 'આપણાં એ આપણાં' | ✉ |
| ● નોર્થ ઈસ્ટ | : | ૦૬-૦૫-૧૧ નાટક : 'આપણાં એ આપણાં' | ✉ |
| | | ૧૮-૦૫-૧૧ નાટક : 'સંસારની સેમિફાઈનલ' | ✉ |
| ● પનવેલ | : | ૨૬-૦૫-૧૧ નાટક : 'આપણાં એ આપણાં' | ✉ |
| ● રાજાવાડી | : | ૦૨-૦૫-૧૧ નાટક : 'એકબીજાને નડતા રહીયે' | ✉ |
| | | ૦૪-૦૫-૧૧ નાટક : 'સંસારની સેમિફાઈનલ' | ✉ |
| | | ૦૯-૦૫-૧૧ નાટક : 'આપણાં એ આપણાં' | ✉ |
| ● સી-સાઈડ | : | ૦૬-૦૫-૧૧ નાટક : 'સંસારની સેમિફાઈનલ' | ★ |
| ● સાયન-માટુંગા | : | ૦૮-૦૫-૧૧ સંગીત : 'સ્નેહમિલન તથા મ્યુઝિકલ પ્રોગ્રામ' | ★ |
| | | ૧૯-૦૫-૧૧ નાટક : 'સંસારની સેમિફાઈનલ' | ✉ |
| ● શિવાજી પાર્ક | : | ૦૧-૦૫-૧૧ હાસ્ય પ્રોગ્રામ : 'હસી કા ખજાના' | ✉ |
| | | ૧૨-૦૫-૧૧ કવ્વાલી : 'જુનૂન' | ★ |
| | | ૨૭-૦૫-૧૧ નાટક : '૧૦૨ નોટ આઉટ' | ✉ |
| ● તારદેવ | : | ૦૭-૦૫-૧૧ મ્યુઝિકલ શો : 'તારે જમીન પર' | ✉ |
| | | ૧૩-૦૫-૧૧ નાટક : 'પ્રેમ છે તો પરિવાર છે' | ✉ |
| | | ૧૬-૦૫-૧૧ મૅજિક શો : 'K. Lalની માયાજાળ' | ✉ |
| | | ૨૨-૦૫-૧૧ વ્યાખ્યાન : આ. પૂ. ગુરુદેવ રત્નસુંદર મ.સા.નું પ્રવચન – 'હું કોણ છું' | ✉ |
| ● વિલે પાર્લે | : | ૧૭-૦૫-૧૧ નાટક : '૧૦૨ નોટ આઉટ' | ✉ |
| | | ૨૪-૦૫-૧૧ નાટક : 'ઈશ્વર દે હિસાબ' | ✉ |
| | | ૨૬-૦૫-૧૧ નાટક : 'સંસારની સેમિફાઈનલ' | ★ |

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

## આગામી યાત્રા પ્રવાસ-પિકનિક

### જેજેસી-ચેન્નઈ

ચેન્નઈ સેન્ટરના ઉપક્રમે શનિવાર, તા. ૧૩-૮-૨૦૧૧ થી સોમવાર, તા. ૧૫-૮-૨૦૧૧ દરમિયાન 'ગોવા ટૂર'નું આયોજન કરવામાં આવ્યું છે.

એ જ સેન્ટર દ્વારા રીતે રવિવાર, તા. ૧-૧૦-૨૦૧૧થી સોમવાર, તા. ૨-૧૦-૨૦૧૧ દરમિયાન મહાબલિપુરમનું આયોજન કરવામાં આવ્યું છે. વધુ માહિતી માટે સેન્ટરના સેક્રેટરીનો સંપર્ક કરવો.

## યાત્રા પ્રવાસ સંપન્ન

### જેજેસી-તારદેવ

તારદેવ સેન્ટરના ઉપક્રમે મંગળવાર, તા. ૩-૫-૨૦૧૧થી શનિવાર, તા. ૭-૫-૨૦૧૧ દરમિયાન શ્રીલંકાનો પ્રવાસ યોજવામાં આવેલ.

એ જ રીતે ગુરુવાર, તા. ૧૯-૫-૨૦૧૧થી (ગ્રુપ ૧) અને શુક્રવાર, તા. ૨૭-૫-૨૦૧૧ (ગ્રુપ ૨)ના રોજ ચાયના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને પ્રવાસમાં જોડાયેલ સભ્યોએ ખૂબ જ મોજ માણી.

# જેજેસીની આજકાલ

## જેજેસી - ડીસા

બનાસકાંઠા જિલ્લામાં પીવાના પાણીમાં ક્ષારની માત્રા વ્યાપક પ્રમાણમાં હોઈ આમજનતામાં હાડકાંનાં દર્દો-સાંધાઓની તકલીફ વધારે પ્રમાણમાં જોવા મળે છે. તેમાંય ઘૂંટણના સાંધાની ફરિયાદ વિશેષ હોય છે.

જેજેસી-ડીસા દ્વારા ડીસા પંથકની જનતા માટે ઘૂંટણનાં દર્દોમાં રાહત મેળવી શકાય તથા તે બાબત ઑપરેશનના લાખોના ખર્ચમાંથી કદાચ બચી શકાય તે આશયથી નેચરોપથી સ્પેશિયલ ડૉક્ટર અને તેમની ટીમ દ્વારા પાંચ-દિવસીય ચેકઅપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૨૫૦ જેટલા તકલીફવાળા દર્દીઓનું ચેકઅપ ડૉ. પંકજ કૌશિક તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું. આ વિનામૂલ્યે ચેકઅપ દરમિયાન કેટલાકને નેચરોપથી દવાઓ વિનામૂલ્યે આપવામાં આવી. ઉપરાંત ઑપરેશન વિના ઘૂંટણદર્દમાં રાહત આપી શકે એવા એક સફળ સંશોધન બ્રાસ જેની કિંમત રૂા. ૩૪૫૦/- છે તે રૂા. ૨૪૫૦ના રાહત દરે આપવામાં આવ્યા. આ પ્રોજેક્ટ પાર પાડવા માટે પૂર્વપ્રમુખ ભરત મોરબિયા, ભરત શેઠ તથા પ્રમુખ જયેશ શાહ, સેક્રેટરી પ્રકાશ કોઠારી અને તેમની ટીમે જહેમત લીધેલ.

આ ઉપરાંત ડીસા સેન્ટર દ્વારા જૈન સમાજના ધોરણ પાંચથી કૉલેજના વિદ્યાર્થીઓને ખૂબ જ રાહત દરે નોટબુકનું વિતરણ કરેલ. સાથેસાથે તેજસ્વી તારલા વિદ્યાર્થીઓના સરસ્વતી સન્માનના કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું.

શ્રી પ્રકાશ કોઠારી જણાવે છે કે રાણપુર રોડ પર બંધાઈ રહેલું પ્રવેશદ્વાર જે જેજેસી-ડીસા દ્વારા નિર્માણ થઈ રહ્યું છે તે પણ પૂર્ણતાના આરે છે. આ પ્રવેશદ્વારને અહિંસા પ્રવેશદ્વાર નામ આપવામાં આવશે.

## જેજેસી-સુરેન્દ્રનગર

છેલ્લાં નવ વર્ષથી સેન્ટર દ્વારા ઉત્તમ ક્વોલિટીની ફૂલસ્કૅપ નોટબુકનું શહેરનાં જૈન બાળકોને રાહત દરે વિતરણ કરવામાં આવે છે તે જ પ્રમાણે આ વર્ષે પણ રવિવાર, તા. ૨૯-૦૫-૨૦૧૧ના રોજ ફૂલસ્કૅપ બુક સાથે નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું. શ્રી દિનેશ વી. શાહના પ્રમુખપદે યોજાયેલ આ સમારોહમાં નોટબુકનું વિમોચન કરવામાં આવ્યું. આ પ્રોજેક્ટનો શહેરના લગભગ ૧૮૦૦ જેટલા જૈન પરિવારો લાભ લે છે. સમારોહ બાદ બાળકોના ટેલેન્ટ પ્રોગ્રામનું આયોજન થયું. વિમોચન શ્રી ભૂપેન્દ્રભાઈ સંઘવી તથા શ્રી દિલીપ ડી. શાહ (ડીડો) દ્વારા કરવામાં આવ્યું.

## જેજેસી-એલીસ બ્રિજ

સેન્ટર ૧૬મા વર્ષમાં પ્રવેશ કરે છે તે નિમિત્તે સેન્ટરના દરેક સભ્યો માટે તા. ૨૯-૫-૨૦૧૧થી ૧૦-૭-૨૦૧૧ સુધીના ૭ રવિવારે "SH Lauren" હોટેલ ખાતે BRUNCHનું આયોજન કરવામાં આવ્યું છે.

મંગળવાર, તા. ૧૨-૭-૨૦૧૧ના રોજ એક ભવ્ય સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જે અન્વયે જૂનાં ફિલ્મી ગીતોની મહેફિલ યોજાશે. સંજીવની અને મુખ્તાર શાહ દ્વારા આ કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.

## જેજેસી-મહુવા

'વન ડે' પિકનિક અન્વયે મહુવાથી તળાજા, પાર્શ્વભક્તિ તથા ખોડિયાર મંદિર થઈ રંગોળી પાર્ક રિસોર્ટમાં જમીને પરત થયા. સર્વે સભ્યોએ બાળકો સાથે પિકનિકનો અપૂર્વ આનંદ માણ્યો.

ઘણા સમય બાદ મહુવા નગરે દીક્ષાનો અમૂલ્ય પ્રસંગ આવ્યો. પ્રવજ્યાના પવિત્ર પંથે ડગ માંડવા જતાં મુમુક્ષુ શ્રી ધરાકુમારીનું અભિવાદન સેન્ટર તરફથી રવિવાર, તા. ૦૮-૦૫-૨૦૧૧ના રોજ કરવામાં આવ્યું.

## જેજેસી - વિલે પાર્લે

રવિવાર, તા. ૧૨-૬-૨૦૧૧ના રોજ સવારે ભાઈદાસ હૉલમાં સેન્ટરના કાર્યકરોના અથાક પુરુષાર્થ થકી એક અદ્વિતીય કાર્યક્રમનું આયોજન થયું. પરમ પૂ. ગુરુદેવ શ્રી વિજયરત્ન સુંદરસૂરીશ્વરજી મ.સા.ના એક વ્યાખ્યાનનું આયોજન થયું. વિષય હતો 'Smile Please!' પ્રવેશ માટે પરિસરની બહાર લાંબી કતાર લાગી તે સૂચવે છે કે જો ગુરુદેવ જેવા વક્તા હોય તો તેમની વાણી સાંભળીને ધન્ય થવા યુવાનો રવિવારે પણ વહેલા ઊઠી તૈયાર થઈ દૂરદૂર પહોંચી જાય છે. ભાઈદાસ હૉલ, સંતોકબા હૉલ તથા બહાર પરિસરમાં લગભગ ૧૮૦૦ જેટલા શ્રદ્ધેયજનોએ ગુરુદેવની અમૃતવાણીનો લાભ લીધો. અઢી કલાકનું પ્રવચન ક્યારે પૂરું થયું તે ખબર જ ન પડી. સેન્ટર તરફથી દરેક માટે નવકારશીની વ્યવસ્થા કરવામાં આવી.

પૂ. ગુરુદેવ પધાર્યા એ પૂર્વે શ્રીમતી ઝરણા વ્યાસના કંઠે સ્તવનો સર્વેને ભક્તિભાવથી ભીંજવી ગયાં.

પૂ. ગુરુદેવના પ્રવચનની પ્રસાદી સ્વરૂપે જો શક્ય બનશે તો આગામી અંકમાં વાંચવા મળશે. કાર્યક્રમના કન્વીનર શ્રી વિક્રમ શાહ તથા શ્રી રોહિત કેન્યાને આટલું સરસ આયોજન કરવા બદલ અભિવાદન.

*રિપોર્ટ : શ્રી માણેકભાઈ શાહ*

# હાયર એજ્યુકેશન ફંડ શા માટે?

■ ભાવેશ કે. શાહ (જેજેસી-ગોલ્ડન ગારોડિયા)

આપણે છ વર્ષથી એક હાયર એજ્યુકેશન ફંડ ઊભું કરી રહ્યા છીએ. આજકાલ શિક્ષણ અસહ્ય મોંઘું થતું ચાલ્યું છે. જુનિયર હોય, સિનિયર હોય કે હાયર એજ્યુકેશન હોય, લગભગ બધે જ સામાન્ય વસ્તારી લોકો માટે ભણતર એક મુશ્કેલ કોયડો બનતો જાય છે.

આ મોંઘવારીમાં એવરેજ આવક ધરાવનાર કુટુંબમાં બે સંતાનો પણ ભણતાં હોય તો સરેરાશ મહિને ૨૦૦૦/- રૂપિયા ભણતર પાછળ ખર્ચાઈ જાય છે. પછી ટ્યુશન રાખવામાં આવે તો ખર્ચ ડબલ થઈ જાય છે.

આપણા સમાજમાં બીજી ઘણી સેવાભાવી સંસ્થાઓ આ ક્ષેત્રે લોકોને મદદ કરી જ રહી છે જેમાં સ્કૂલ ફી, પુસ્તકો-યુનિફૉર્મ વગેરે આર્થિક નબળા લોકોને પૂરાં પાડવામાં આવે છે, પરંતુ જ્યારે આ વિદ્યાર્થીઓ હાયર એજ્યુકેશનમાં પહોંચે છે ત્યારે આ રકમ લાખોની થઈ જાય છે.

શાંતચિત્તે વિચાર કરજો કે અત્યંત મહેનત કરીને સારા માર્ક્સ લાવીને તૈયાર થયેલો વિદ્યાર્થી જ્યારે હાયર એજ્યુકેશન માટે પહોંચે છે, ત્યારે તેનો ખર્ચ જોઈને નિરાશ થઈ જાય છે. તેજસ્વી વિદ્યાર્થી અકાળે ભણતર અધૂરું છોડી સામાન્ય નોકરી કરવા લાગી જાય છે અને મનોમન આખી જિંદગી પોતાના  નસીબને દોષ દેતો રહે છે.

આવું આપણી સાથે, આપણાં ભાઈઓ-સગાંવહાલાંઓ સાથે બનતું જાય છે ત્યારે શું આપણી કોઈ જ ફરજ નથી?? શું કુદરતે આપણને લક્ષ્મી ફક્ત મોજશોખ અને આપણા સ્વાર્થ ખાતર વાપરવા માટે જ આપી છે??? આપણી નજર સામે જ આપણાં તેજસ્વી બાળકોનું ભવિષ્ય અંધકારમય બનતું જોઈ રહેનાર આપણે પણ આ માનવજાતના, સમાજના, ઈશ્વરના ગુનેગાર ન ગણાઈયે???

આ તેજસ્વી વિદ્યાર્થી જો આવા ફંડના પ્રતાપે, સમાજના સાથ-સહકારથી આગળ ભણશે તો તેને સમાજ પ્રત્યે અપાર માન ઊપજશે. જે સમાજ તેની કારકિર્દી ઘડવામાં સહેજ પણ મદદરૂપ થયો હશે તેને જીવનભર યાદ રાખી એ સમાજને અનેક ગણું પાછું આપશે, કારણકે એ ખાનદાની લોહી આપણું જ છે.

પહેલાંના સમયમાં વસતિ ઓછી હતી, ત્યારે લોકો ભણી-ગણીને પિતાના ધંધામાં 'સેટ' થઈ જતા. જેમને પોતાના ધંધા ન હોય તેઓ મામા-કાકા વગેરેના ધંધામાં જોડાઈ જતા. ત્યારે કહેવાતું કે વાણિયાનો દીકરો ધંધો જ કરે! પણ, આજના જમાનામાં મુક્ત અર્થતંત્રને કારણે મલ્ટીનેશનલ કંપનીઓએ મોટી-મોટી મૂડી દ્વારા ધંધામાં લગભગ મોનોપોલી સ્થાપવા માંડી છે.

નાના વેપારીઓ, સાહસિકો આ મૂડીપ્રવાહના ધસમસતા પૂરને ખાળવામાં સક્ષમ નથી. એટલે નવા લોકો માટે ધંધો સ્થાપવો-ચલાવવો મુશ્કેલ બની ગયો છે. જ્યારે બીજી બાજુ, આ મલ્ટીનેશનલ કંપનીઓમાં કામ કરવા માટે ઉચ્ચ લાયકાતવાળા લોકોની જરૂરત મોટા પાયે ઊભી થઈ છે. પગારધોરણ પણ ખાસ્સાં ઊંચાં થયાં છે, પરંતુ આ નોકરીઓ મેળવવા માટે હાયર એજ્યુકેશન અત્યંત મહત્ત્વનું બની ગયું છે.

અત્યંત ખર્ચાળ હાયર એજ્યુકેશનથી વંચિત રહેતા આપણાં બાળકો-ભાવિ પેઢીને મદદરૂપ થવા માટે જ આપણે આ ખાસ ફંડ ઊભું કર્યું છે. જેમના ઘરમાં એજ્યુકેટેડ લોકો છે તેઓ અભ્યાસનું મહત્ત્વ સમજી મદદ કરશે જ, પરંતુ જેમને કદાચ કારણવશ કુટુંબમાં ભણતર ઓછું હોય, સુખી-સમૃદ્ધ હોય તેઓ પણ આ કાર્યમાં મદદ કરી સરસ્વતીમાતાને ભેટ અર્પણ કરી શકે છે, કારણકે પ્રકૃતિનો સનાતન નિયમ છે કે કરેલું કદી ફોગટ જતું નથી. તેમની ભાવિ પેઢીમાં પણ સરસ્વતીમાતાની કૃપા અવશ્ય ઊતરશે જ.

આપણે આપણાં સંતાનોને સાધુસંતોનાં વ્યાખ્યાન સાંભળવા લઈ જઈએ છીએ, કદાચ આપણી ધારણાનુસાર સંતાનો પર અસર થતી નથી, તો જો આવા કાર્યમાં મદદરૂપ થઈ દાખલો બેસાડીયે તો એ સંતાનો કે વિદ્યાર્થીઓને કદાચ ઝાઝા ઉપદેશોની જરૂર નહિ પડે. તેઓ પણ પ્રત્યક્ષ આ બધું જોઈને બીજાને-સમાજને મદદ કરતા થઈ જશે. એમના સંસ્કાર સારા થશે અને તેનો ફાયદો સમાજને અને સમાજ થકી આપણને પણ થશે જ. તો શું આપણા ફાયદાની વાત આપણે સમજી શકશું ખરા?

# સાધર્મિક અભિયાન

■ દિનેશ વોરા (જેજેસી-સુરેન્દ્રનગર)

આપણે સર્વે જૈન કુળને પામ્યા છીએ અને માનવતાવાદી કાર્યો કરવા માટે સારાય ભારતમાં જૈનોએ ગૌરવવંતું અનેરું સ્થાન પ્રાપ્ત કરેલ છે.

આપણે જો અન્ય કોમોની જેમ સામાજિક કાર્યોમાં સંપત્તિનું વહેણ થોડું પણ વાળી શકીએ તો આર્થિક ભીંસમાં સપડાયેલાં ગરીબ બનતાં જતાં જૈન કુટુંબોને આપત્તિમાંથી ઉગારી લઈશું. દોડતા સમય સાથે સમાજની તાતી જરૂરિયાતવાળી પ્રવૃત્તિઓ પ્રત્યે આપણે વધુ સભાન થઈશું.

સામાન્ય વ્યક્તિ આ કારમી મોંઘવારીમાં જીવન ટકાવવા પૂરતું જીવનજરૂરિયાતની સામાન્ય વસ્તુઓ મેળવી શકાય છે, પરંતુ વ્યવહાર સાચવવા વ્યાજે પૈસા લઈ વ્યાજના બોજ નીચે જિંદગી પસાર કરતા હોઈએ છીએ. તેઓને પગભર કરવા માટે પણ જો કાંઈક સર્વેના સહકારથી શક્ય હોય તે રીતે મદદ કરવાના પ્રયત્ન કરીશું તો તેમનાં દુઃખ હળવાં થશે, કારણકે હવે તો નાનાં મકાનો પણ લઈ શકવાને શક્તિમાન નથી. આવું નજીવું કામ થશે તોપણ તો તે સાધર્મિક કાર્ય કર્યાની લાગણી થશે.

જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટ મારફતે ''શૈક્ષણિક અભિયાન''નો જબ્બરજસ્ત પ્રોજેક્ટ શરૂ કરીને સારાય ભારતમાંથી આગળ અભ્યાસ કરવા ઈચ્છતાં જરૂરિયાતમંદ ભાઈ-બહેનોને ખૂબ જ મદદરૂપ થયેલ છો, જેથી સમાજનું અનેરું કાર્ય થાય છે. આમ તેટલાં કુટુંબો ચોક્કસ તરી જશે.

આથી આપણે ત્યાં ૧૪૦ સેન્ટરો પૈકી તેઓ ત્યાંની જરૂરિયાત મુજબ પ્રોજેક્ટ કરીને જૈનોનાં દુઃખમાં ભાગીદાર બને, જેમાં સ્થાનિક દાતાઓનો સહયોગ પ્રાપ્ત થઈ શકે. સાથોસાથ સેન્ટ્રલ બોર્ડનું માર્ગદર્શન પણ સહાયરૂપ થઈ શકે. આપણી સંસ્થા મારફતે પગભર કરવાના છે, તેમને તક પૂરી પાડવાની છે. તેઓને હીન-લાચાર કે પરવશ બનાવવા નથી. તેમનામાં વિશ્વાસ અને આત્મબળ જાગૃત કરવાનાં છે. આ અભિગમ રાખીને કાર્યનું આયોજન કરવું જોઈએ.

સામાજિક વિકાસની પ્રવૃત્તિઓ માટે ઘણું કરવાનું હોય છે. આપણે તો ફક્ત સ્વરોજગાર માટે વિચારણા થઈ શકે. આપણે ત્યાં સહૃદયી, ઉદાર દાનવીરો છે, ખમીરવંતા યુવાનો છે, સક્રિય અને સજાગ કાર્યકરો છે. આ બધાનો સુમેળ યોજી વિવિધલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા સમાજનો સર્વાંગી વિકાસ થાય એ આપણા સર્વેનું સ્વપ્ન હોવું જોઈએ.

આપણે જો ઉદાસીનતા રાખીશું તો સમાજ નિર્બળ બનશે. સાધર્મિક સબળ હશે તો સમાજ સબળ બનશે, આરાધના પ્રબળ બનશે, સમાજના સભ્યો આર્થિક રીતે પગભર થશે તો ધર્મનું પાલન કરી શકશે.

આપણને માનવધર્મ બજાવવાની ઉમદા તક મળી છે. સમુદાયના ઉત્થાનનું કાર્ય ખૂબ જ ભગીરથ છે, પરંતુ સર્વે સાથે મળી સહભાગી થઈ સદ્‌ભાગ્ય પ્રાપ્ત કરીશું.

આથી જ કહેવાય છે કે :

''સંધ્યાની જેમ ક્ષણમાં ઢળી જાય છે સમય<br>
સદ્‌ભાગી કોઈક ને જ ફળી જાય છે સમય<br>
હાથે હશે જે દાન એ સાથે રહી જશે<br>
દાનેશ્વરીનો દાસ કહેવાય છે આ સમય.''

આપણે સહુ સાથે મળી અનુકૂળતા મુજબ આયોજન કરી કાર્યને ગતિવંત કરીએ.

> ''સુયોજક કૃત્ય કરવામાં દોરાવું હોય તો વિલંબ કરવાનો આજનો દિવસ નથી, કારણકે આજ જેવો મંગળદાયક દિવસ બીજો નથી.''
>
> — *શ્રીમદ્ રાજચંદ્ર*

*સભ્યશ્રીઓ,*

જૈન જાગૃતિ સેન્ટરનાં ૧૪૦ સેન્ટરના ૬૩૦૦૦ સભ્યો સંસ્થાના આધારશીલ સમાન છે. ભાવિની ભવ્યતાને નજર સમક્ષ રાખી સેન્ટરોનાં ઉત્કર્ષ અને વિસ્તૃતિકરણ માટે સહાયક થઈ, દૃઢસંકલ્પના પ્રહરી તરીકે સહભાગી બની, સંગઠિત થઈ, ભાતૃભાવ કેળવી જાગૃતિ લાવો તેવી અપેક્ષા હરહંમેશ આપ સર્વે પાસે રાખવામાં આવે છે.

આપણો ઉદ્દેશ ભાતૃભાવ કેળવી, ફેમિલી મેમ્બર્સ સાથેની ફેલોશિપ ઉપરાંત, સામાજિક કાર્યો, સાધર્મિક અભિયાન, સમૂહલગ્નો, યુવામેળા, કુદરતી આફત વખતે જ્યાં જ્યાં જે જરૂરિયાત હોય તે મુજબ અનેકવિધ, અનોખા, નિતનવા કાર્યક્રમો થાય તેવો અભિગમ અપનાવો. આપ સર્વેમાં અખૂટ શક્તિ પડેલ છે, જે શક્તિ સંસ્થા અને સમાજ માટે સમર્પિત કરો તેવી શુભભાવના.

જીવનનાં દરેક ક્ષેત્રોમાં સફળતા મેળવવી હોય તો દૃઢસંકલ્પ સાથે અને ચોક્કસ ધ્યેય માટે સમર્પિત થઈશું તો આપણાં સર્વે કાર્યો સિદ્ધ થશે. તેથી કહેવાય છે કે–

''મંજિલ સુધી ચાલ્યા કરીશું ધ્યેય અમારું એક છે,<br>
કાંટાઓ મળશે તો કહીશું તું ફૂલોની સેજ છે.''

'જાગૃતિ સંદેશ' પત્રિકાએ ઘણા સમયથી અનેરું રૂપ અને સ્થાન ગ્રહણ કરેલ છે, જે ખરેખર રસસભર લેખો માહિતી-જાણકારી પૂરી પાડે છે. જેમાં સર્વે માહિતી પૂરી

પાડી વિશેષ રસસભર બનાવીએ તેવી અપેક્ષા.

આપ સર્વેને તથા દાતાશ્રીઓને વહાલભરી વિનંતી કે સેવાના પથ પર સંસ્થાની સાથે ચાલજો અને એ જ વારસો, એ જ સંસ્કાર અને સમર્પણભાવ આવતાં અનેક વર્ષો સુધી જળવાઈ રહે એવા શુભ ભાવ અને સફળ પ્રયાસ કરતા રહેજો જેથી સંસ્થા આપ સર્વે થકી હરહંમેશ ઊજળી રહેશે.

જેના માટે આપણે જન્મ્યા છીએ અને જે કરવાની આપણી ફરજ છે એવી સાધર્મિક સેવા માટે અઠવાડિયાના ૧૬૮ કલાકમાંથી માત્ર ત્રણ-ચાર કલાક ન કાઢી શકીએ! પ્રભુએ આપણને આ જગતની યાત્રાએ સેવા કરવા મોકલ્યા છે. કમનસીબ લોકોની સેવા જેવી ઉત્તમ યાત્રા એક પણ નથી.

સંત કબીરે કહ્યું છે કે નૌકામાં પાણી વધી જાય અને ઘરમાં સંપત્તિ વધી જાય ત્યારે તેને બન્ને હાથે ઉલેચવાનું કામ સમજદારીભર્યું છે. સંપત્તિને વહી રહેલ સરિતાના જળ સાથે સરખાવતાં કહ્યું છે કે જળપ્રવાહમાંથી કોઈ પક્ષી થોડું પાણી પી લે તો જળપ્રવાહ ઓછો થતો નથી. તેવી રીતે દાન દેવાથી સંપત્તિ જરા પણ ઓછી થતી નથી. જૈન ધર્મમાં દાનનો મહિમા અપાર છે. કુરાનમાં પણ દાન અંગે કહેવામાં આવ્યું છે કે પ્રાર્થના (બંદગી) ઈશ્વર (ખુદા) તરફ અડધે રસ્તે લઈ જાય છે. ઉપવાસ ઈશ્વરના દ્વાર સુધી લઈ જાય છે અને દાન એ ઈશ્વરના મહેલમાં પ્રવેશ અપાવે છે. માટે તક ઝડપી લ્યો.

''કાલ નહીં આજ, આજ નહીં પણ અત્યારે જ<br>
કાર્યનો પ્રારંભ કરો અને સર્વોત્તમ સિદ્ધિને વરો''

''સમય સરખા નથી, સમય સહુનો આવે<br>
સમય સુખ-દુઃખનો સાથી, કદી પગપાળા કદી હાથી<br>
સમય ઊડે વણપાંખે, સમય જુએ વણઆંખે<br>
સમય કોઈનું સગું ન વહાલું છતાંય<br>
સમય સદા તમારી સાથે.''

---

# હાયર એજ્યુકેશન લોન

આપ સુવિદિત હશો કે આપણા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટમાંથી હાયર એજ્યુકેશન લોન ખૂબ જ સારા પ્રમાણમાં અપાય છે. આપણી અગાઉની મિટિંગોમાં આપને જણાવેલ તે મુજબ આ વર્ષથી હાયર એજ્યુકેશન લોન માટે આપણા ફૉર્મ ઓનલાઈન કરવામાં આવ્યા છે. નીચે મુજબની વિગતો આપ આપના આગામી સર્ક્યુલરમાં સભ્યોને જરૂરથી જણાવશોજી.

૧) હાયર એજ્યુકેશન માટેના ફૉર્મ ફક્ત ઓનલાઈન પર મેળવવાના રહેશે. આપણી વેબસાઈટ પર ફૉર્મ ડાઉનલોડ કરી, વિગતો ભરી અપલોડ કરવાના રહેશે.

૨) ફૉર્મ માટે આપણી વેબસાઈટનું એડ્રેસ **www.jainjagruti.com** છે. આ વેબસાઈટ પર સંપૂર્ણ માહિતી આપેલ છે.

૩) રિપિટ લોનવાળા વિદ્યાર્થીઓને ફૉર્મ ભરવાની જરૂર રહેશે નહીં. તેઓ પોતાની માર્કશીટ/ એપ્લિકેશન લખીને આપણી ઑફિસમાં મોકલાવી શકશે.

૪) વિદ્યાર્થીઓ આપણી સાઈટ પર જઈને ઓનલાઈન પોતાના ફૉર્મ વિગત ભરીને ફૉર્મ અપલોડ કરી દેશે. ફૉર્મ અપલોડ કર્યા બાદ તેની હાર્ડ કોપી (પ્રિન્ટઆઉટ) કાઢી ફૉર્મમાં એ, બી, સી અને ડી વિભાગમાં જરૂરી સહી કરશે/ કરાવશે તથા ફોટો લગાડશે અને જરૂરી **Enclosures** સાથે આ ફૉર્મ સેન્ટ્રલ બોર્ડની ઑફિસમાં મોકલશે જેની સાથે તેઓની માર્કશીટ્સ, અન્ય જરૂરી વિગતો વગેરે ભરી કૉપીઓ મોકલી આપશે.

૫) એપ્લિકેશન સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦-૬-૨૦૧૧ છે.

૬) વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યૂ અને લોન વિતરણ જુલાઈથી શરૂ કરવામાં આવશે. વિદ્યાર્થીઓને ફોન/મૅસેજ દ્વારા ઈન્ટરવ્યૂની તારીખોની જાણ અગાઉથી કરવામાં આવશે.

૭) ઈન્ટરવ્યૂ સમયે વિદ્યાર્થીઓએ જે માર્કશીટ/ ડોક્યુમેન્ટની ઝેરોક્ષ કૉપી મોકલી હોય તેની ઑરિજિનલ સાથે લાવવાની રહેશે.

૮) ફૉર્મ બાબત/અન્ય જાણકારીની જરૂર હોય તો આપણી ઑફિસમાં સવારે ૧૧થી સાંજના ૫ દરમિયાન સંપર્ક કરવો. (ટેલિ.નં. ૬૫૭૨૬૬૩૬)

આપના સહકારની અપેક્ષા સહ,

**જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ**

**મહામંત્રી : સંજય શાહ**

**માનદ મંત્રીઓ :**

**પ્રફુલ્લ કામદાર, કિશોર શેઠ, કીર્તિ સખપરા**

# રત્ન નિધિ ચૅરિટેબલ ટ્રસ્ટ (ડિસેબલ કૅમ્પ) ડોનેશન

| | |
|---|---|
| દિનેશ એસ. શેઠ (જુહુ) | ૧૦૦૦૦૦ |
| સુરેન્દ્ર જૈન | ૫૦૦૦૦ |
| કિશોર સી. મહેતા | ૨૪૫૯૦ |
| સ્ટાર ડાયગ્નોસ્ટિક પ્રા. લિ. | ૧૫૨૫૦ |
| જે.જે.સી.-એલીસ બ્રિજ | ૧૨૩૦૦ |
| અંબરિશ રતિલાલ સોઢા | ૧૨૨૯૫ |
| પંકજ જી. વિસરિયા | ૧૨૨૯૫ |
| રજનીકાંત એમ. પરીખ | ૧૨૨૯૫ |
| ઉષા રજનીકાંત પરીખ | ૧૨૨૯૫ |
| જેજેસી-કૉઈમ્બતુર ચૅ. ટ્રસ્ટ | ૧૨૨૯૫ |
| દિનેશ એમ. દેસાઈ | ૧૨૨૯૫ |
| વેલ વિશર | ૧૨૨૯૫ |
| જયંતીલાલ બી. દેસાઈ | ૧૨૨૯૫ |
| રાજેન્દ્ર ફૂલચંદ શાહ | ૧૨૨૯૫ |
| જેજેસી-સાયન માટુંગા ચૅ. ટ્રસ્ટ | ૧૧૦૦૦ |
| રેસીટ સોલ્યુશન પ્રા. લિ. | ૧૧૦૦૦ |
| જયશ્રી શરદ શાહ | ૬૪૦૦ |
| મુકુંદ એસ. કામદાર | ૫૧૦૦ |
| પ્રબોધ કોઠારી | ૫૦૦૦ |
| જયાબહેન પંકજ શાહ | ૫૦૦૦ |
| સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘ | ૫૦૦૦ |
| સુમતિલાલજી ભંડારી | ૫૦૦૦ |
| પ્રવીણ મહેતા | ૪૯૪૫ |
| બીસીએમ કૉર્પોરેશન (પ્રણવ આર. મહેતા) | ૪૪૫૦ |
| જિતેન્દ્ર આર. શાહ | ૪૧૫૦ |
| વિનુભાઈ જી. ભગત | ૩૯૦૦ |
| કાર્તિક આર. શાહ | ૩૭૫૦ |
| સંજય બી. શાહ | ૩૬૦૦ |
| પારસમલ પી. સંઘવી | ૩૬૦૦ |
| પ્રીતિ હરેશ શાહ | ૩૧૯૫ |
| વૈભવી મનીષ શાહ | ૩૦૯૫ |
| પદ્માબહેન આર. શાહ | ૩૦૦૦ |
| નીમિષ ખખ્ખર (ખખ્ખર ઍન્ડ કું.) | ૩૦૦૦ |
| પીયૂષ સી. લાખાણી | ૩૦૦૦ |
| અતુલભાઈ શાહ | ૩૦૦૦ |
| સુરેશભાઈ ઝવેરી | ૩૦૦૦ |
| અરિહંત એન્ટરપ્રાઈઝ | ૨૯૪૦ |
| સીલાઈટ ટાયર કૉર્પોરેશન (કમલેશ સી. મહેતા) | ૨૮૯૫ |
| પ્રવીણ એન. મહેતા | ૨૬૦૦ |
| વિક્રમ સી. શાહ ઍન્ડ અંજુબહેન શાહ | ૨૬૦૦ |
| શૈશાન ચેતન શાહ | ૨૫૦૦ |
| અંકિત પંકજ શાહ | ૨૫૦૦ |
| એમ. કે. શાહ | ૨૫૦૦ |
| મહેશ એચ. મહેતા | ૨૩૦૦ |
| નિખિલ જે. ગાંધી | ૨૩૦૦ |
| પરેશભાઈ શાહ | ૨૨૦૦ |
| જયાબહેન મોતીચંદ ચંદરિયા | ૨૧૯૦ |
| દીપક આર. વોરા | ૨૦૦૦ |
| મિલન કમલનયન દલાલ | ૧૯૪૫ |
| મુકેશ વી. શાહ | ૧૩૯૫ |
| જયનેન્દ્ર હરિલાલ શાહ | ૧૩૫૦ |
| જયેશકુમાર એચ. ધ્રુવ | ૧૩૫૦ |
| કીર્તિકુમાર એસ. ઝવેરી | ૧૩૫૦ |
| દ્રુપદ એચ. દવાવાલા | ૧૨૦૦ |
| જિગરભાઈ | ૧૨૦૦ |
| પૂજા તુષાર શાહ | ૧૧૯૫ |
| લેટર લેન્ગ્વેજ (માણેકલાલ એલ. શાહ) | ૧૧૯૦ |
| રોનકભાઈ શાહ | ૧૧૯૦ |
| દોઢિયા આર્કિટેક્ચરલ પ્રોડક્ટસ | ૧૧૫૦ |
| સતીશ ચુનીલાલ શાહ | ૧૧૫૦ |
| વિનોદ વી. શાહ | ૧૧૫૦ |
| ધિમ્મતલાલ બી. શાહ | ૧૧૫૦ |
| હીતેશ ઝવેરી | ૧૧૫૦ |
| વસંત એસ. શાહ | ૧૧૫૦ |
| નરેશ બી. પરીખ | ૧૧૫૦ |
| વિનોદ બી. શાહ | ૧૧૫૦ |
| હિંમતલાલ એચ. રૂપારેલ | ૧૧૫૦ |
| મણિલાલ કે. દેઢિયા | ૧૧૫૦ |
| કાંતિલાલ પી. ગાલા | ૧૧૫૦ |
| રાજનભાઈ શાહ | ૧૧૫૦ |
| શરદભાઈ બાબુલાલ શાહ | ૧૧૫૦ |
| જયકુમાર બાબુલાલ શાહ | ૧૧૫૦ |
| રમેશભાઈ ટી. શાહ | ૧૧૫૦ |
| કલ્પેશભાઈ એ. શાહ | ૧૧૫૦ |
| મનહરભાઈ મર્ચન્ટ | ૧૧૫૦ |
| ઉજ્વલા બાતેવરા | ૧૦૦૦ |
| પ્રતિભાજી લાલવાણી | ૧૦૦૦ |
| અનીતાબહેન | ૧૦૦૦ |
| સાધના દેશરાડા | ૧૦૦૦ |
| સ્વ. લલિતાબહેન એમ. શાહ | ૧૦૦૦ |
| નવકાર એન્ટરપ્રાઈસ | ૧૦૦૦ |
| સોનલબહેન, રૂપાબહેન | ૧૦૦૦ |
| હીતેષભાઈ કે. શાહ | ૧૦૦૦ |
| હરીશભાઈ એચ. દેસાઈ | ૧૦૦૦ |
| કિરીટ ફકીરચંદ શાહ | ૧૦૦૦ |
| હિમાંશુ ફકીરચંદ શાહ | ૧૦૦૦ |
| અશ્વિનભાઈ બી. શાહ | ૧૦૦૦ |
| કિશોરીબહેન બી. શાહ | ૧૦૦૦ |
| સનતભાઈ શાહ | ૧૦૦૦ |
| દક્ષાબહેન નયનભાઈ મહેતા | ૧૦૦૦ |
| કીર્તિભાઈ આર. શાહ | ૧૦૦૦ |
| રજનીકાંત આર. દેસાઈ | ૧૦૦૦ |
| રમેશભાઈ કીર્તિભાઈ | ૧૦૦૦ |
| એ. ઑટોમોબાઈલ્સ (અશ્વિન બી. કોઠારી) | ૭૯૫ |
| નવનીતલાલ વેણીલાલ શાહ | ૬૦૦ |
| હેમલતાબહેન અજયભાઈ શાહ | ૬૦૦ |
| સુધીરભાઈ એચ. મહેતા | ૬૦૦ |
| નલિની ચંપક મોદી | ૫૯૫ |
| દિલિપ આર. પીપલિયા | ૫૯૫ |
| મહેન્દ્ર ટી. મહેતા | ૫૯૫ |
| રમેશ જયંતીલાલ શાહ | ૫૯૫ |
| જિજ્ઞેશભાઈ પરીખ | ૫૯૫ |
| ઈન્દિરાબહેન સુરેશભાઈ શાહ | ૫૯૫ |
| હીરેનભાઈ એસ. ચોકસી | ૫૯૫ |
| કિતન નવીનભાઈ શાહ | ૫૯૫ |
| જિતેન્દ્ર બી. શાહ | ૫૯૫ |
| લતાજી વાઘમારે | ૫૦૦ |
| કુમુદિની ભંડારી | ૫૦૦ |
| જાગૃતિ શૈલેશ શાહ | ૫૦૦ |
| મેહુલ મહેન્દ્ર શાહ | ૪૦૦ |
| કેતનભાઈ બી. પટવા | ૪૦૦ |
| હીરેનભાઈ એસ. ચોકસી | ૪૦૦ |
| મિતેષભાઈ શાહ | ૪૦૦ |
| લલિત વસંત શાહ | ૨૦૦ |
| વિજય મોતીલાલ શાહ | ૨૦૦ |
| કાંતિલાલ એમ. પંચાલ | ૨૦૦ |
| દિલિપકુમાર એમ. શાહ | ૨૦૦ |
| દર્શના પીયૂષભાઈ ચોકસી | ૨૦૦ |
| પ્રવીણભાઈ કાંતિલાલ | ૨૦૦ |
| જ્યોત્સ્નાબહેન ગિરીશભાઈ શાહ | ૨૦૦ |
| રોનકભાઈ શાહ | ૨૦૦ |
| | ૫૦૯૦૭૦ |

**NOTE :** Jain Jagruti Centre-Central Board Charitable Trust has given Donation to Ratna Nidhi Charitable Trust Cheque of Rs. 5,20,595/-

**samyak**
BUNGALOWS®
શંખેશ્વરમાં ઘરનું ઘર

૩ BHK ટ્વીન બંગલો ૧૬૫ વાર, ૨૮ લાખ*
૨ BHK રૉ - હાઉસ ૧૧૫ વાર, ૧૮ લાખ*

રોકાણ માટેની ઉત્તમ તક



- નવપદની ઓળી
- પર્યુષણ પર્વ
- ચાતુર્માસ આરાધના કરવા ઉત્તમ આવાસ
- પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંત માટે ઉપાશ્રય

• JITO ગ્રુપ • જૈન સોશ્યલ ગ્રુપ • શ્રી શંખેશ્વર-પુનમ ગ્રુપ • સામાયિક મંડળ • મહિલા મંડળ • યુવક મંડળ • સ્નાત્ર મંડળ નાં ગ્રુપ બુકીંગ માટે સ્પે. ડીસ્કાઉન્ટ

લોન પેપર્સ ઉપલબ્ધ

પઝેશન એપ્રિલ ૨૦૧૨

ઓફિસ: "હેમકુંજ" ૧૮, જૈન નગર, સંજીવની હોસ્પિટલ સામે, પાલડી, અમદાવાદ.

સાઈટ: સમ્યક બંગ્લોઝ, દાદાવાડી ની સામે, જી.ઈ.બી. સબ સ્ટેશન પાસે, શંખેશ્વર-૧૩, ગુજરાત.

SAMYAK Developers
સંપર્ક: ૦૯૯૨૫૦ ૬૪૦૩૭, ૦૯૮૨૪૧ ૪૯૪૩૮, ૦૯૮૨૫૦ ૬૪૦૩૭
E-mail: sales@samyak.biz Website: www.samyak.biz



# GUJARATI VIVAH SAMMELAN

**USING VIDEO TECHNOLOGY ON SUN 21st AUG 2011**

**REGISTER NOW CALL 022-42664237**

special gift for first 100 participants.

# NO BLIND MEETINGS !

**Video profile assures that bride and groom know each other before their first meeting**

**Details**
- 100% Safe and secured.
- See video profile before the function.
- One to one meeting between interested participants.
- No embarrassments for bride or grooms.
- Savings of time and money
- COST RS 501/- per participant

Special options
For 5 star lounge meetings

# દાન દ્વારા ઉદાત્ત માનવભાવનાનો વિકાસ થાય છે

■ ગુણવંત બરવાળિયા

ઉપનિષદમાં એક પ્રસંગ છેઃ એકવાર દેવ, અસુરો અને મનુષ્યોએ બ્રહ્માને કહ્યું કે 'અમને કર્તવ્યનું જ્ઞાન આપો,' બ્રહ્માએ દ દ દનો ધ્વનિ કર્યો. દેવતાઓ તેનો અર્થ સમજ્યા કે ઈન્દ્રિયોનું દમન કરો, અસુરોએ એનો અર્થ કર્યો કે જીવો પર દયા કરો અને મનુષ્યોએ બોધ પ્રાપ્ત કર્યો કે દાન કરો અને એ પ્રતિબોધને માનવોએ આચરણમાં મૂક્યો.

જે એક હાથે દાન આપે છે તે બંને હાથે મેળવી શકે છે. દાનથી સમૃદ્ધિમાં ગુણકગતિએ વૃદ્ધિ થાય છે. દાન પ્રતિષ્ઠા કે અહંકારની તૃપ્તિ માટે નહીં, પરંતુ દાનથી કરુણા, સ્નેહ, સેવા અને બંધુત્વ જેવી પવિત્ર ભાવનાનો વિકાસ થાય છે. તેનાથી મનુષ્યની માનવતા અને દાનવૃત્તિની વૃદ્ધિ થાય છે. દિવ્યતાની જાગૃતિ સાથે ઈશ્વરીય આનંદની અનુભૂતિ થાય છે. માટે જ જગતનાં દરેક ધર્મ, દર્શન કે સંપ્રદાયમાં દાનભાવનું મહત્ત્વ છે, પરંતુ જ્યાં આવી ધાર્મિક શ્રદ્ધા નથી તેવા સમાજમાં પણ દાનની પરંપરાને ઉપયોગી માનીને કહ્યું છે કે, મંદિરમાં પ્રાર્થના માટે જોડાયેલા બે હાથ કરતાં દાન દેવા માટે ઊઠેલો એક હાથ પણ વધુ મહત્ત્વનો છે.

ભારતીય વૈદિકદર્શનમાં મીમાંસાદર્શન પુણ્યવાદીદર્શન છે. તેમાં બ્રાહ્મણોને દીધેલા દાનથી પુણ્ય ઉપાર્જન કરી શકાય તેવું બતાવવામાં આવ્યું છે. જ્યારે શ્રમણ સંસ્કૃતિની જૈન અને બૌદ્ધ પરંપરાઓએ સુપાત્રે દાન કરવાની અને દાનની ભાવનાને વધુ મહત્ત્વ આપ્યું છે. બૌદ્ધ ધર્મમાં બુદ્ધત્વ પ્રાપ્ત કરવા માટે જે દશ પારમિતાઓનું વર્ણન કરવામાં આવ્યું છે તેમાં દાનનો સમાવેશ થઈ જાય છે.

ભગવાન બુદ્ધે દીઘનિકાયમાં દાન વિષે જણાવ્યું છે કે, 'સત્કારપૂર્વક, ભાવનાપૂર્વક, આપણા પોતાના હાથે દોષરહિત અને શ્રદ્ધાપૂર્વક દીધેલું દાન પવિત્ર દાન છે. ધમ્મપદમાં તેમણે એક બહુ જ સુંદર વાત કહી છે. ધર્મનું દાન ઉત્કૃષ્ઠ દાન છે, કારણકે ધર્મનો રસ જ તમામ રસોમાં શ્રેષ્ઠ રસ છે. ધર્મવિમુખ મનુષ્યોને ધર્મપંથ પર લાવવા તે પણ એક દાનનો પ્રકાર જ છે.

જ્ઞાનદાન દેનાર સંતો, સત્પુરુષો અને ગુરુજનો પૂજનીય જ્ઞાનદાતા છે. શિક્ષકની સાથે માતા-પિતા પણ ઉપકારી જ્ઞાનદાતા છે. આ જ્ઞાનનું ફળ વિરતિમાં, એટલે કે આચરણમાં પરિણમે તો જીવનનું ઉત્થાન થઈ જાય છે.

જૈન પરંપરામાં દાનને સત્કર્મ માનવામાં આવે છે. સ્વ પરના કલ્યાણ અર્થે, પરિગ્રહ ઘટાડવા અને મમત્વ ઓછું કરવા કહ્યું છે. ઋષભદેવથી આરંભીને ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સુધી બધા જ તીર્થંકરોએ વર્ષીદાન દીધું હતું.

વર્ષીદાન એટલે દીક્ષા પૂર્વે એક વર્ષ સુધી નિત્ય દાન કરવું. જૈન ધર્મમાં સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્રને મોક્ષમાર્ગ ગણવામાં આવે છે. દાનનો સબંધ ચારિત્ર સાથે છે. આહારદાન, ઔષધદાન અને અભયદાન વ. અનેક પ્રકારનાં દાનનાં વર્ણનો વિવિધ ગ્રંથોમાં આવે છે.

ભગવાન મહાવીરે 'સૂત્રકૃતાંગસૂત્ર'માં અભયદાનને શ્રેષ્ઠ દાન ગણ્યું છે, તેને જીવતદાન પણ કહી શકાય. માટે જ જૈનો જીવદયાને કુળદેવી સ્વરૂપે માને છે. દાન અને દાનવીરને મેઘની ઉપમા આપતાં જણાવ્યું છે કે, મેઘના ચાર પ્રકાર છેઃ એક ગરજે છે, પણ વરસતો નથી. બીજો વરસે છે, પણ ગરજતો નથી. ત્રીજો ગરજે છે અને વરસે પણ છે અને ચોથો ગરજતો પણ નથી અને વરસતો પણ નથી. આમ મેઘસમાન મનુષ્યના પણ ચાર પ્રકાર છે. કોઈક દાન વિષે બોલે છે - ગાજે છે એટલે કે મોટી જાહેરાતો કરે છે, પણ દાન દેતા નથી. કોઈક દાન દે છે, પણ બોલતા નથી. કોઈક બોલે છે અને દાન પણ આપે છે અને કેટલાક બોલતા પણ નથી અને દાન દેતા પણ નથી. ભગવાન મહાવીરે આ કથનથી દાનની ગરિમાને સ્પષ્ટ કરી દીધી છે. અહીં ધર્મનાં ચાર અંગોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. દાન, શીલ, તપ અને ભાવ. આ ચાર અંગમાં દાનને પ્રથમ અંગ ગણવામાં આવ્યું છે. ધર્મનાં આ ચાર અંગોમાં દાનમાર્ગ ઘણો જ સરળ છે.

તપોમાર્ગ આબાલવૃદ્ધ બધાને માટે એટલો સરળ નથી. પ્રત્યેક ગૃહસ્થ માટે દરરોજ શીલપાલન પણ સરળ નથી. વ્યાપાર, વ્યવસાય, ખેતી, કારખાનાં વગેરે આરંભ-સમારંભમાં સતત વ્યસ્ત રહેવાવાળા આપણને શુદ્ધ ભાવમાં રહેવું પણ મુશ્કેલ છે, પરંતુ દાન એક એવો માર્ગ છે કે જે સર્વજનો માટે સુલભ અને સરળ માર્ગ છે. બાળક, યુવાન અને વૃદ્ધ એટલે કે આબાલવૃદ્ધ દાન કરી શકે છે. દાન એક એવો રાજમાર્ગ છે કે જ્યાં માનવી સરળતાથી મંજિલ સુધી પહોંચવા અવિરત કૂચ કરી શકે છે. તપ, શીલ, શુભ ભાવમાં દરરોજ રહેવા માટે ઘણો પુરુષાર્થ કરવો પડે છે, પરંતુ દાનભાવમાં દરરોજ રહી શકાય છે.

દાનથી સામેની વ્યક્તિનું હૃદયપરિવર્તન પણ થઈ જાય છે. શ્રેષ્ઠીવર્ય જિનદાસના વિષયમાં એક વાત સુપ્રસિદ્ધ છે. શેઠ રાત્રિના ધર્મક્રિયા કરી રહ્યા હતા ત્યારે કેટલાક ચોરોએ મોકો જોઈ તેમના ઘરમાં ચોરી કરી. શેઠ તો આત્મચિંતનમાં લીન હતા. સવારે જ્યારે તેણે જાણ્યું કે ચોર મુદ્દામાલ સાથે રંગેહાથ પકડાઈ ગયા છે અને જેલમાં છે. ત્યારે રાજા પાસે જઈ પ્રાર્થના કરી અને ચોરોને છોડાવ્યા અને ચોરી કરેલા માલમાંથી ચોરોને જેટલું જોઈતું હતું તેટલું ધન દાનમાં આપતાં કહ્યું કે, 'તમે ગરીબીને કારણે ચોર બન્યા છો માટે આમાંથી જેટલું જોઈએ તેટલું ધન લઈ લો અને ચોરી કરવાનું છોડી દો.' ચોરની મા તો ગરીબી છે, તે જ મનુષ્યને ચોર, ડાકુરૂપે જન્મ આપે છે. દાનની અપાર શક્તિ વડે એ ગરીબી અને સંગ્રહાખોરીને સમાપ્ત કરી શકાય છે. તે દિવસે ચોરોના હૃદયનું પરિવર્તન થયું.

દાન અસંખ્ય પાપોનો છેદ કરે છે તો ક્યારેક દાન પ્રાયશ્ચિત્તનું પાવન કાર્ય પણ કરી દે છે. માટે જ દાનને આનંદની પ્રાપ્તિ અને કલ્યાણનું દ્વાર ગણવામાં આવે છે.

આપણે આપણા ભવિષ્ય માટે લાંબા ગાળાના બોન્ડમાં રૂપિયાનું રોકાણ કરીએ છીએ, તેનું ફળ આ ભવમાં મળે છે, જ્યારે દાનમાં ત્યાગ કરેલ રૂપિયા કે સંપત્તિનું અનેક ગણું ફળ ભવ-ભવાંતરમાં મળે છે. વાહવાહ માટેનું દાન દેવા કરતાં જેનાથી અન્યોના જીવનની દિશા બદલાઈ જતી હોય, કોઈકના જીવનમાં શુભ પરિવર્તન થઈ જતું હોય, તેવું દાન કરીએ તો જ ખરેખર તે દાન પાછળનો હેતુ સાર્થક થશે. જે દાન દેવાથી કોઈનું કલ્યાણ થાય તો તે દાન ઊગી નીકળ્યું કહેવાય, તેવું દાન અનેકોનાં અંતરના આશીર્વાદ મેળવી આપશે અને સ્વને માટે શ્રેયસ્કર અને પરને માટે કલ્યાણકારી બનશે. આનંદ શ્રાવક, કર્ણ અને બલિરાજા જેવા દાનવીરોને ભાવપૂર્વક વંદના કરીએ. સાંપ્રત સમયમાં જે દાનવીરો પરમાર્થે પોતાની સંપત્તિનો ઉપયોગ કરી લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી રહ્યા છે તેઓને અભિવંદના.

## જવાબ એક : પરિણતિમાં ફેર

કંજૂસને કોઈકે પૂછ્યું, 'દાન કેમ નથી કરતો? 'દરિદ્ર થઈ જાઉં તો? આ તેનો જવાબ હતો.

ઉદારને કોઈકે પૂછ્યું, 'તું દાન કેમ કરે છે? 'દરિદ્ર થઈ જાઉં તો? આ તેનો જવાબ હતો...

આ શું? બન્નેનો એક જ જવાબ?

હા...

કંજૂસ માનતો હતો કે પૈસા દાનમાં આપી દેવાથી તો ઘટતા જ જાય અને ભિખારી થવાના દહાડા આવે! એનાથી બચવા માટે દાન આપવું જ નહીં... કાયમ માટેની ચિંતા તો ટળી જાય...

જ્યારે...

ઉદાર માણસ માનતો હતો કે 'કર્મોના ઉદયો વિચિત્ર છે... કોઈક એવો જોરદાર ફટકો લાગે તો એક ધડાકે પૈસા સાફ થઈ જાય! ધંધામાં ખોટ આવે... આગ લાગે... ચલણમાંથી નોટો રદ્દ થઈ જાય... આવી અનેક પ્રકારની સંભાવનાઓ પૈસાની બાબતમાં છે. એ વખતે ભિખારી થવાના દહાડા આવે અને દાન ન કરી શકું તો! એના કરતાં અત્યારથી સામે ચડીને સત્કાર્યોમાં રકમ શા માટે ન ખર્ચવી?

છે ને મજેની વાત?

બન્નેનો એક જ જવાબ? છતાં એક અંતરનો ભિખારી અને બીજો અંતરનો અમીર!

આપણી જીવનપદ્ધતિ આપણે તપાસવાની જરૂર છે... મોતના ભયથી પુણ્યના ઉદયે મળેલી શક્તિઓને સાચવી રાખીએ છીએ કે સન્માર્ગે વાપરતા રહીએ છીએ!

યાદ રાખજો... સાચવનારો હારે છે
વાપરનારો જીતે છે.

*– પૂ. શ્રી રત્નસુંદરવિજયજી*

*પ્રેષક : રોહિત એસ. કેનિયા (જેજેસી-વિલે પાર્લે)*

## અભિનંદન

### જેજેસી-એલીસ બ્રિજ

સેન્ટરના સભ્ય શ્રી સમીર આર. શાહની સુપુત્રી ચિ. કેશાએ ધોરણ ૧૨ સાયન્સમાં ગુજરાત રાજ્યમાં ૯૯.૯૮% માર્ક્સ મેળવી ઉપરાંત પરિક્ષામાં પણ તેણે ૯૯.૨૧% માર્ક્સ મેળવી Percentile Rank and Grade મેળવ્યો છે તે બદલ સેન્ટ્રલ બોર્ડનાં ધન્યવાદ

## ગરીબમાં ગરીબ પણ કરી શકે એવું મહાદાન એટલે ચક્ષુદાન



# આપણા જીવનમાં પિતાનું મહત્ત્વ કેટલું?

■ પ્રેષક : કિશોર દડિયા

**મનુષ્યને જિંદગીમાં પ્રગતિ કરવા બચપણમાં માતાનો ખોળો અને કિશોર થતા પિતાના ખભાની જરૂર પડે છે. આ બન્ને વિના તેના જીવનમાં ઊણપ રહે છે. બન્નેનું મહત્ત્વ પોતાની રીતે તેમના સ્થાને જ છે.**

**એમ છતાં અનાદિકાળથી ફક્ત માતાનો જ મહિમા ગવાયો છે. પિતાના રોલ વિશે બહુ ઓછું લખાયું છે. કદાચ કારણ એ હોઈ શકે કે માતા વિશે લખનાર ઋષિમુનિઓ, કવિઓ કે લેખકો કે ગુરુદેવો પુરુષો છે. કોઈ પોતાની જાતના વખાણ ન કરે!**

**આ લેખ દ્વારા 'પિતા'ની કદર કરીએ! 'જાગૃતિ સંદેશ' Parent's Day (૨૫-૭-૨૦૧૧) નિમિત્તે માતા સાથે પિતાને લગતી કૃતિઓ પણ આવકારશે.**

*— તંત્રી*

પિતાનું આપણા જીવનમાં કેટલું મહત્ત્વ હોય છે? આ વાત વિશે કોઈએ ક્યારેય વિચાર્યું નહીં હોય, પણ આજે એ વિશે હું તમને મારી વેદના સાથે તેમનું મહત્ત્વ પણ સમજાવીશ.

માતા ઘરનું માંગલ્ય હોય છે, તો પિતા ઘરનું અસ્તિત્વ હોય છે, પણ ઘરના આ અસ્તિત્વને આપણે ક્યારેય સમજવાનો પ્રયત્ન કર્યો છે ખરો? પિતાનું મહત્ત્વ હોવા છતાં પણ તેના વિષે વધુ લખવામાં નથી આવતું કે નથી બોલવામાં આવતું. કોઈ પણ વ્યાખ્યાનકાર માતા વિષે ઘણું ઘણું સારું બોલ્યા કરશે, સંત-મહાત્માઓ પણ માતાના મહત્ત્વ વિશે જ વધારે કહે છે, દેવ-દેવીઓએ પણ માતાના જ ગુણગાન ગાયાં છે. લેખકો-કવિઓએ પણ માતાનાં ખૂબ વખાણ કર્યા છે. સારી વસ્તુને માતાની જ ઉપમા આપવામાં આવે છે, પણ ક્યાંય પિતા વિષે બોલાતું નથી કે કોઈ પણ કાવ્ય પિતા પર રચાયું નથી. કેટલાક લોકોએ પિતાની કલ્પનાને કલમની ભાષામાં મૂકી છે, પણ તે ઉગ્ર, વ્યસની અને ગુસ્સો કરીને મારઝૂડ કરનારા જ હોય છે એવા સ્વરૂપવાળા પિતા વિષે લખ્યું છે. મારી દૃષ્ટિએ આવા પિતાઓ સમાજમાં કદાચ બેથી ત્રણ ટકા જ હશે, પણ સારા પિતાઓ વિષે શું લખાયું છે?

માતા પાસે આંસુનો દરિયો હોય છે, પણ પિતા પાસે સંયમની દીવાલ હોય છે. માતા રડીને છૂટી થઈ જાય છે, પણ સાંત્વન આપવાનું કામ તો પિતાએ જ કરવું પડે છે અને રડવા કરતાં સાંત્વન આપવામાં વધુ મહેનત કરવી પડે છે, કારણકે દીવા કરતાં દીવી વધારે ગરમ હોય છે ને! પણ શ્રેય તો હંમેશાં દીવાને જ મળે છે. રોજ આપણને સગવડ કરી આપનારી માતા યાદ રહે છે, પણ જીવનની આજીવિકાની વ્યવસ્થા કરનાર અને જિંદગીભર પૈસા જમા કરવા માટે ઓલા ઘાંચીના બળદ જેમ પિલાયા કરતા પિતાને આપણે કેટલી સહજતાથી ભૂલી જઈએ છીએ? બધાની સામે મોકળા મને માતા રડી શકે, પણ રાત્રે તકિયામાં મોઢું છુપાવીને ડૂસકાં ભરે છે તે પિતા છે. બધાની વચ્ચે માતા રડી તો શકે છે, પણ પિતાથી તો રડી પણ શકાતું નથી. ઘરમાં પોતાનું સ્વજન મૃત્યુ પામે છતાં પિતા રડી શકતા નથી, કારણકે નાનાં ભાઈ-બહેનોને સાચવવાનાં હોય છે, તેમને સાંત્વન આપવાનું હોય છે. પત્ની અડધે રસ્તે સાથ છોડીને જતી રહે તો બાળકોનાં આંસુ લૂછવાનું કામ પણ પિતાએ જ કરવાનું હોય છે.

દેવકી-યશોદાના કાર્યની પ્રશંસા અવશ્ય કરીએ, પણ નદીના પૂરમાંથી મધરાતે માથા ઉપર બાળકને સુરક્ષિતપણે લઈ જનારા વાસુદેવને પણ મહત્ત્વ આપવું જોઈએ. રામ એ કૌશલ્યાના પુત્ર અવશ્ય છે, પણ પુત્રના વિયોગથી તરફડીને મૃત્યુ પામ્યા એ પિતા દશરથ જ હતા.

પિતાના જોડાને ઠેકઠેકાણે જોઈએ તો તેમનો પ્રેમ નજરે ચડે. તેમનું ફાટેલું ગંજી જોઈએ તો સમજાય કે આપણાં નસીબનાં કાણાં તેમના ગંજીમાં પડ્યાં છે. તેમનો દાઢીવધેલો ચહેરો તેમની કરકસર દેખાડે છે. દીકરા-દીકરીને નવા જીન્સ લઈ આપશે પણ પોતે તો જૂનો લેંઘોય આખો ઘસીને વાપરશે. સંતાનો ૧૦૦-૨૦૦ રૂપિયા પાર્લર કે સલૂનમાં જઈને ખર્ચી નાખશે, પણ તેમના જ ઘરના પિતા દાઢીનો સાબુ ખલાશ થઈ ગયો હશે તો નાહવાના સાબુથી દાઢી કરી લેશે. ઘણી વાર તો ખાલી પાણી લગાડીને જ દાઢી કરી લેતા હોય છે.

પિતા જો કદાચ માંદા પડે તો તરત દવાખાને જતા નથી. તે માંદગીથી ડરતા નથી, પણ જો ડૉક્ટર એકાદ મહિનો આરામ કરવાનું કહી દેશે તો શું કરવું તેનો ડર લાગે છે, કારણકે દીકરીનાં લગ્ન અને દીકરાનું શિક્ષણ બાકી હોય છે. ઘરમાં આવકનું બીજું કોઈ પણ સાધન હોતું નથી, કારણ આજે કોઈને સંયુક્ત પરિવાર ગમતો નથી, પણ આવી મોંઘવારીમાં જે લોકો સંયુક્ત પરિવારમાં રહે છે તે લોકો જગ જીતી લે છે. સંયુક્ત પરિવારના વિભાજનનું કારણ મોટા

ભાગે સ્ત્રી જ હોય છે. પિતા ક્યારેય પરિવારના વિભાજન માટે ભાગ ભજવતા નથી. પોતાની પહોંચ હોય કે ન હોય, પણ દીકરાને એન્જિનિયરિંગ કે મેડિકલમાં પ્રવેશ અપાવે છે. ખેંચ ભોગવીને પણ બાળકને નિયમિત હૉસ્ટેલમાં પૈસા મોકલે છે, પણ કેટલાક દીકરાઓ જે તારીખે પૈસા મળે એ જ તારીખે પાર્ટી કરી ખર્ચી નાખે છે અને જે પિતાએ પૈસા મોકલ્યા હોય તેની જ મજાક ઉડાડે છે.

પિતાને ઘરનું અસ્તિત્વ એના માટે કીધું છે, કારણકે જે ઘરમાં પિતા હોય છે, તે ઘર તરફ કોઈ પણ ઊંચી આંખ કરીને જોઈ શકતું નથી, કારણકે ઘરના કર્તાહર્તા જીવંત છે. જો તેઓ કંઈ પણ કરતા ન હોય તોપણ મહત્ત્વના કર્તાહર્તા તરીકેના પદ પર હોય છે અને ઘરના કામ જુએ છે, સંભાળે છે. માતા હોવી અથવા તો માતા હોવાના સત્યને પિતાને લીધે જ અર્થ મળે છે, એટલે કે પિતા હોય તો જ માતાનું અસ્તિત્વ શક્ય છે. દીકરા-દીકરીની કોઈ પણ પરીક્ષાનું પરિણામ આવે ત્યારે માતા જ સહુથી નજીકની લાગે, કારણકે બાજુમાં ઊભી રહી માતા તેમને વહાલ કરે છે, તેમનાં વખાણ કરે છે, આશીર્વાદ પણ આપે છે, પણ ગુપચુપ જઈને બજારેથી પેંડાનું બૉક્સ લાવનારા પિતા કોઈના ધ્યાનમાં રહેતા નથી. બાળક આવવાનું હોય તેવી સુવાવડી સ્ત્રીનું ખૂબ મહત્ત્વ હોય છે, પણ હૉસ્પિટલની લૉબીમાં અસ્વસ્થ થઈને આમથી તેમ આંટા મારનારા એ આવનારા બાળકના પિતાની કોઈ નોંધ લેતું નથી.

દાઝી ગયા, ઠેસ વાગી કે માર વાગ્યો કે સહજતાથી તરત મોઢામાંથી શબ્દ નીકળશે ''ઓ માઁ!!!'' પણ કોઈ મોટી આફત આવી પડી હોય કે રસ્તો ઓળંગતા એકાદ ટ્રક નજીક આવીને જોરથી બ્રેક મારે ત્યારે મોઢામાંથી નીકળતો શબ્દ હશે ''બાપ રે...'' નાનાં સંકટો ચાલે, પણ મોટી સમસ્યાઓનાં વાદળ ઘેરાય ત્યારે પિતા જ યાદ આવે છે. કંઈ ગળે ઊતરે છે ખરું?

પિતા શ્રીમંત સાસરું ધરાવતી દીકરીને ત્યાં બહુ જશે નહિ, પણ દીકરી જો ગરીબ ઘરમાં આપી હશે તો ભલે ઊભા ઊભા ખબર કાઢવાના બહાને તે દીકરીના ઘરના ચક્કર કાપશે. યુવાન દીકરો ઘરે મોડો આવે ત્યારે પિતા જ તેની રાહ જોઈને મધરાત સુધી ઉજાગરો કરતા હોય છે. દીકરાની નોકરી માટે સાહેબ સામે લાચાર થનારા પિતા, દીકરીને પરણાવવા માટે ઠેકઠેકાણે મુરતિયા જોવા ઉંબરા ઘસતા પિતા, ઘરના લોકો માટે પોતાની વ્યથા અને જરૂરતને કોરાણે મૂકી દેતા પિતા કેટલા ગ્રેટ હોય છે, ખરું ને?

## પિતાનું મહત્ત્વ કોને સમજાય છે?

બાળપણમાં જો પિતા અવસાન પામે તો અનેક જવાબદારીઓ ખૂબ નાની ઉંમરમાં સંભાળવી પડે છે. તેને એક એક વસ્તુ માટે તરસવું પડે છે. પિતાને ખરા અર્થમાં જો કોઈ સમજી શકે તો તે હોય છે ઘરની દીકરી. સાસરે ગયેલી કે ઘરથી દૂર રહેતી દીકરી પિતા સાથે ફોનમાં વાત કરે ત્યારે પિતાનો બદલાયેલો અવાજ પણ એક ક્ષણમાં ઓળખી જાય છે. કોઈ પણ દીકરી પોતાની ઇચ્છા બાજુમાં મૂકીને પિતા કહે તે જગ્યાએ લગ્નની વેદી પર ચઢી જતી હોય તેવા પ્રસંગો શું આજે પણ સમાજમાં નથી બનતા? દીકરી પિતાને ઓળખે છે, સાચવે છે. બીજાઓ પણ પોતાને આ રીતે જાણે, ઓછામાં ઓછી એટલી તો અપેક્ષા બીજાઓ પાસે પિતા રાખે કે નહિ?

આપણી પાસે તો થોડા ઉત્સવો છે, જેને ઊજવતી વખતે માતા-પિતાને યાદ કરી લઈએ, તેમના પ્રત્યેનું ઋણ ચૂકવવા આપણે તેમને પગે લાગીએ અને એમના આશીર્વાદ મેળવીએ અને આપણા જ સંસ્કાર, ધર્મ, નાત-જાતના ભેદભાવ વગર આપણી પછીની પેઢીને પણ આપીને યથાશક્તિ પિતૃતર્પણ કરીએ.


વગર દવાએ સરળ ઉપચારથી
રજવાડીઠાઠથી જીવવાની કળા

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઇસીસ • ઘુંટણનો દુઃખાવો • માઇગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફકત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થૈરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થૈરાપી એક્યુપ્રેસર થૈરાપી • પાસ થૈરાપી • બુંહાગ ઇન્સટુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થૈરાપીના નિષ્ણાત.

આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.
Mob.: 9820002953 • Tel.: 022-24121234

# જૈનોમાં ઉચ્ચ અભ્યાસ શા માટે?

■ ચંદ્રકાંત પટેલ (ઍડવોકેટ-રાજકોટ)

## ભાગ-૧

જૈન સમાજમાં ઉચ્ચ અભ્યાસની શું જરૂર છે તે વિષય પર લખવા માટે મને આમંત્રણ આપવામાં આવ્યું ત્યારે વિચાર આવ્યો કે મેં ધોરણ-૧૨ પછી શું ? પર ઘણું લખ્યું, પણ ઉચ્ચ અભ્યાસ શા માટે જરૂરી છે, તે વિષય પર લખવાથી ઉચ્ચ અભ્યાસનું મહત્ત્વ દરેકને જાણવા મળશે અને દરેક મા-બાપ તેનાં સંતાનોને ઉચ્ચ અભ્યાસ કરાવવા માટે પ્રયત્ન કરશે.

જૈન સમાજ પ્રથમથી જ વ્યાપારી-ઉદ્યોગપતિ સમાજ રહ્યો છે. જૈન સમાજ વર્ષોથી રાજા-રજવાડાંના વખતથી ''શાહ જોગ'' કહેવાયો છે. વેપાર અને વાણિજ્ય એ વાણિયાના લોહીમાં વણાયેલ છે. થોડાં વર્ષો પહેલાં-૧૦-૧૫ વર્ષ પહેલાં વચ્ચેનાં ૨૦ વર્ષ આ સમાજ સાધારણ નોકરી તરફ વળેલ. મને યાદ છે કે, ૧૯૭૫માં મારી સગાઈ માટે વાત થયેલ, ત્યારે દીકરીનાં મા-બાપ એવો સવાલ કરતાં કે બૅંકમાં કે સરકારી નોકરિયાતને અમારે પ્રથમ પસંદગી આપવી છે. આવું બનવાનાં ઘણાં કારણો હતાં. વેપાર-ધંધામાં અન્ય કોમોએ ખૂબ જ ઝડપથી પગપેસારો કરેલ. ખાસ કરીને પાટીદાર-પટેલ વર્ગે વાણિયાના વેપારને ધક્કો મારેલ. તેઓમાં જ્ઞાતિવાદનું ઝનૂન હતું. વળી ગામડાંમાં જૈનોનાં સંતાનો વેપાર-ધંધો કરતાં હતાં, ત્યાં વ્યાવહારિક સગાઈ, સગપણના પ્રશ્નો ઊભા થવા માંડયા. આથી તેઓએ શહેરો તરફ દોટ મૂકવી પડી. ગામડાંનો ધંધો સંકેલી લેવો પડયો. શહેરમાં ધંધાકીય હરીફાઈ ખૂબ જ હતી, તેમ જ મૂડીરોકાણ વધારે મોટું હતું જે ભેગું કરવું શક્ય ન હતું. આથી વાણિયાના દીકરાઓ નોકરી તરફ વળવા લાગ્યા - અધૂરું ભણતર, સાહસનો અભાવ, અપર્યાપ્ત મૂડી વગેરે કારણે નોકરી તરફ વળવા લાગ્યા, પરંતુ સવર્ણો વિરુદ્ધની સરકારી નીતિ, આરક્ષણ વગેરે કારણે સરકારી અને બૅંકોમાં નોકરી મળતી બંધ થઈ, સાથેસાથે ગ્લોબલાઈઝેશનનો ઉદય ૧૯૯૫થી શરૂ થયો. દરેક વેપાર-ધંધા-ઉદ્યોગો-બૅંકિગ-વીમા કંપની વગેરેમાં ખાનગીકરણનો જોરદાર પવન ફુંકાણો અને તેમાં આરક્ષણને બદલે ગુણવત્તાને મહત્ત્વ અપાયું, જેને કારણે ફરી વખત જૈનો માટે પ્રગતિનાં દ્વાર ઉઘાડાં થયાં, પરંતુ આ વખતે જૈનો માટે જે નવી વેપાર - વાણિજ્યની તકો ઊભી થઈ તે ઉચ્ચ અભ્યાસ સાથેની તકો ઊભી થઈ છે. આજે શૅરબજારમાં જૈનોનો ડંકો વાગે છે, જૈન સમાજના અનેક તરવરિયા યુવાનો સી.એ., સી.એસ., સી.એફ.એસ. વગેરે થઈ સ્થિર થયા છે. મોટી મોટી આઈ.ટી. કંપનીઓમાં જૈનોનાં સંતાનો સારા પગારથી ખૂબ જ ઊંચા પૅકેજથી કામ કરે છે. વૈશ્વિકીકરણના કારણે આશરે ૨૫થી ૩૦ ટકા ઉચ્ચ અભ્યાસ કરેલ જૈનોનાં સંતાનો વિદેશમાં સારી કમાણી કરે છે.

આ તો વાત ઉચ્ચ પગારથી નોકરી કરવા જતા વિદ્યાર્થીઓની છે, પરંતુ એક વખત માની લેવામાં આવે કે, આપણે આપણા વેપાર કે ઉદ્યોગમાં આપણા સંતાનને લગાડવો છે, તોપણ ઉચ્ચ અભ્યાસની જરૂર શા માટે છે તે જોઈએ.

જો તમે ઉદ્યોગપતિ છો તો તમારા ઉદ્યોગમાં સમયેસમયે બદલાવ લાવવાનો રહે છે. તમારે કેમિકલ, મિકેનિકલની ફૅક્ટરી છે કે પ્લાસ્ટિકની ફૅક્ટરી છે તો તેમાં પણ સમયેસમયે બદલાવ જોઈએ છે. મૉડર્નાઈઝેશન સમયની માગ છે. માણસમાત્રની ખરીદશક્તિ વધે છે. સાથેસાથે ટેસ્ટ પણ બદલાય છે. આથી તમારી ફૅક્ટરીમાં અપગ્રેડેશન-આધુનિકીકરણનું જ્ઞાન ખૂબ જ જરૂરી છે. રિસર્ચ એ આજના જમાનામાં પાયારૂપ કામ કરે છે. દરેક ફિલ્ડમાં નવીનવી શોધ ખૂબ જ જરૂરી છે. દરેક મોટાં ઉદ્યોગગૃહોમાં એક રિસર્ચ ડિવિઝન કામ કરે છે. ૧૯૮૫ પહેલાં એમ્બેસેડર અને ફિયાટ બે ગાડી હતી, આજે ગાડીઓની વણજાર છે. નવીનવી શોધ અને નવા નવા ફીચર્સ સાથે નવાં મૉડેલો બહાર પડે છે તે જ રીતે દવામાં, કન્ઝ્યુમર આઈટમમાં પણ છે. 'કોસ્ટ કટિંગ' અને 'લો કોસ્ટ વીથ ક્વોલિટી' એ આજના જમાનામાં બજારમાં ટકી રહેવા માટે ખૂબ જ જરૂરી છે. ઉદ્યોગો અને વેપાર આજે કૉમ્પ્યુટર સાથે છે. બૅન્કિંગમાં ઈ-બૅન્કિંગ, નેટ બૅન્કિંગ, ઈ-રિટર્ન, વૅટમાં કૉમ્પ્યુટરાઈઝેશન ફરજિયાત થયાં છે, ત્યારે તમારી પાસે ઉચ્ચ શિક્ષણ હોવું ખૂબ જ જરૂરી થઈ પડયું છે. અગાઉના જમાનામાં માર્કેટિંગ સીમિત દાયરામાં હતું.

આજે માર્કેટિંગ વિશ્વવ્યાપી બન્યું છે. ઈન્ટરનેટ પર માર્કેટિંગ કરવું બહુ જરૂરી બન્યું છે. જો તમે સફળ બિઝનેસમૅન કે વ્યાપારી બનવા માગતા હો તો તમારી પાસે ટેક્નિકલ જ્ઞાન અને અનુભવ જરૂરી છે. તમે પગાર આપી સારો ભણેલ માણસ નોકરીએ રાખી શકતા હો તોપણ તે સાચું કામ કરે છે કે નહીં તે જોવા માટે પણ તમારી પાસે ઉચ્ચ શિક્ષણ જરૂરી છે. આજથી ૪૦ વર્ષ પહેલાં મારા પિતાશ્રી મને દેશી નામું શીખવતા ત્યારે કહેતા કે, તારે નામું લખવું જરૂરી નથી, પણ તે નોકરીએ રાખેલ મહેતાજી સાચું લખે છે કે નહીં તે જાણવા માટે તારી પાસે નામાનું જ્ઞાન હોવું જરૂરી છે. મને લખતા આનંદ થાય છે કે, છેલ્લાં પાંચ વર્ષ થયાં સી.એ.માં પહેલા ૫૦મા ૧૨થી ૨૬ વિદ્યાર્થીઓ જૈન આવે છે. સમાજ માટે આ સારી નિશાની છે. ફરી વખત મૂળ વાત પર આવીએ તો હવેના વેપાર-ધંધો-ઉદ્યોગ-વ્યવસાય ટેક્નિકલ બાબતો પર આધારિત હોયવાથી ઉચ્ચ અભ્યાસ ખૂબ જ જરૂરી બન્યો છે અને તેમાં શા માટે અને શું કરવું જોઈએ, તે આવતા અંકે....

*(ક્રમશ:)*

# પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ : એક ઐતિહાસિક વ્યક્તિત્વ

■ ડૉ. આરતી નલિન વોરા

પ્રકૃતિ પરિવર્તનશીલ છે. તેમાં નિરંતર પરિવર્તન થયા કરે છે, પણ જૈન માન્યતા મુજબ તેનો ક્યારેય પણ સદંતર નાશ થતો નથી. તેમ છતાં વ્યાવહારિક વ્યવસ્થા માટે આપણે કાળચક્રને માનીએ છીએ. કાળચક્ર બે અર્ધકાળચક્રમાં વિભાજિત થયેલાં છે. એ બે અર્ધકાળચક્રનાં નામ અવસર્પિણી અને ઉત્સર્પિણી છે, જે પ્રત્યેકના છ-છ આરા છે. અત્યારે અવસર્પિણીકાળનો પાંચમો આરો ચાલી રહ્યો છે. દરેક અર્ધચક્રકાળમાં ચોવીસ-ચોવીસ તીર્થંકર થાય છે. તે ચોવીસ તીર્થંકરની ચોવીશી કહેવાય છે.

હાલ ચાલી રહેલા અવસર્પિણીકાળની ચોવીશી પૈકી પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનનો જન્મ ત્રીજા આરામાં થયો હતો. તે સિવાયના બાકીના ત્રેવીશ તીર્થંકર ચોથા આરામાં થયા હતા. ત્રીજો આરો સુષમ દુઃષમના નામથી ઓળખાય છે. પહેલા બે આરા અને ત્રીજા આરાનો કેટલોક સમય સુખદાયી જ હતો. તે ભોગનો સમય કહેવાતો તેથી લોકોને કર્મ કરવું પડતું નહિ. જીવનનિર્વાહ માટે લોકો કલ્પવૃક્ષ પર જ નિર્ભર રહેતા. દશ પ્રકારના કલ્પવૃક્ષ વડે તેઓની આવશ્યકતાઓની પૂર્તિ થઈ જતી.

ભગવાન શ્રી ઋષભદેવનો જન્મ ત્રીજા આરાના અંત સમય પહેલાં થયો હતો તેથી સુખ હતું, પણ ધીમે ધીમે તેની માત્રા ઓછી થતી જતી હતી. તે કાળ 'યુગલિયોકાળ' કે 'જુગલિયોકાળ' કહેવાતો. ત્યારે બધા યુગલરૂપે બેલડાં જન્મ લેતાં અને યુવાન વયે તે જ યુગલ પતિ-પત્નીરૂપે રહેવાં લાગતાં, ફરી એક યુગલને જન્મ આપતાં. આમ ચક્ર ચાલુ રહેતું. તે સમયે ગ્રામ, નગર, રાજ્ય, સમાજ વગેરે કોઈ વ્યવસ્થા ન હતી. લોકો કલ્પવૃક્ષ પર નિર્ભર હોવાથી કોઈ સમસ્યા ન હતી અને તેથી કોઈની સાથે કલહ કે કંકાસ પણ ન હતા. લોકોમાં પાપની વાસના ન હતી તેમ જ ધર્મનો વિવેક પણ ન હતો. તેઓનું જીવન નિર્લેપ, નિર્વિકાર, સંતોષમય અને શાંતિપૂર્ણ હતું. પહેલા, બીજા અને ત્રીજા આરાના અમુક સમય સુધી જીવન આમ સુખપૂર્ણ હતું, પણ ત્રીજા આરાના અંતિમ સમયમાં માનવવિકાસનો ઉદય થતો ગયો. જેમ જેમ કલ્પવૃક્ષો ઘટતાં ગયાં, સમસ્યા વધતી ગઈ અને લોકો માટે જીવનનિર્વાહ મુશ્કેલ થતો ગયો.

ચૈત્ર માસના કૃષ્ણપક્ષની આઠમને દિને માતા મરુદેવીએ એક પુત્ર ને એક પુત્રીને યુગલરૂપે જન્મ આપ્યો. તે પુત્ર તે ભગવાન ઋષભદેવ હતા. ભગવાનના જન્મ સમયે વિશ્વ પુલકિત અને આલોકિત થઈ ઊઠ્યું. નરકના જીવોને પણ ક્ષણિક શાંતિનો અનુભવ થયો. ચોસઠ ઈન્દ્રો અને અનેક દેવદેવીઓએ ધરતી પર આવી પ્રભુનો જન્મોત્સવ મનાવ્યો. અવસર્પિણી કાળમાં ક્યારેય કોઈનો આ રીતે જન્મોત્સવ થયો ન હતો. બધાએ આ મહોત્સવ આનંદથી ઊજવ્યો અને આમ જન્મોત્સવ મનાવવાની વિધિ શ્રી ઋષભદેવ ભગવાનથી શરૂ થઈ.

ભગવાનનું નામ ઋષભ અને સાથે જન્મેલી બાળકીનું નામ સુનંદા રાખવામાં આવ્યું હતું. યુગલિકકાળમાં જોડાં સાથે જન્મે છે. પતિ-પત્નીરૂપે જીવનના અંતિમ કાળ સુધી સાથે જ જીવે છે. યુગલ પૈકી એક છીંક ખાય અને બીજાને બગાસું આવે અને એ યુગલ સાથે જ મૃત્યુ પામે છે. કોઈનું પણ અકાળે મૃત્યુ થતું નહિ, પણ ઋષભદેવના કાળમાં એક દુર્ઘટના બની. ત્યારે એક યુગલ પૈકી પુરુષ મરી ગયો અને સ્ત્રી બચી ગઈ. સુમંગલા નામની એ એકાકી સ્ત્રીના વિવાહ ઋષભદેવ સાથે થયા. આમ શ્રી ઋષભદેવને બે પત્ની સુનંદા અને સુમંગલા હતી. આ રીતે યુગલિયા પ્રથામાં ફેરફાર થયો અને બહુપત્નીત્વની પ્રથાનો આરંભ થયો.

યુગલિકકાળમાં એક યુગલ બીજાં યુગલને જન્મ આપતાં હતાં તે પ્રથામાં પણ ઋષભદેવથી બદલાવ આવ્યો. ભગવાન શ્રી ઋષભદેવને સો પુત્રો અને બે પુત્રી હતાં. સુમંગલાને ભરત આદિ નવ્વાણું પુત્રો અને સુનંદાને બાહુબલિ નામનો પુત્ર હતો. ઋષભની બે પુત્રીનાં નામ બ્રાહ્મી અને સુંદરી હતાં. ભોગનો યુગ પૂર્ણતાને આરે હતો તેથી કલ્પવૃક્ષ ઓછાં થવાં લાગ્યાં અને લોકોને અભાવ વર્તાવા લાગ્યો, સમસ્યા ઊભી થવા લાગી અને લડાઈ-ઝઘડા શરૂ થયાં. કુલકર વ્યવસ્થામાં અવ્યવસ્થા ઊભી થઈ અને આ સમસ્યાના સમાધાન માટે રાજા અને તેના અનુશાસનની જરૂરિયાત ઊભી થઈ. તેના ઉકેલ અર્થે લોકોએ ઋષભને રાજા બનાવવાની તૈયારી શરૂ કરી અને રાજતંત્રના ઈતિહાસમાં પહેલી વાર રાજા અને વિધિવત્ સમાજવ્યવસ્થા માટે પાયાનો પથ્થર મુકાયો. ઋષભે સૂક્ષ્મતાથી સમસ્યાને સમજીને તેનું સમાધાન વિચાર્યું. તેમના મત મુજબ રાજતંત્રનો ઉદ્દેશ્ય ફક્ત અપરાધ નિયંત્રણ જ નહિ, પણ માનવીય ગુણોનો વિકાસ અને સારા સમાજની વ્યવસ્થા પણ હતો. સુસમાજ એટલે અર્થ અને પદાર્થનો અભાવ પણ નહિ અને પ્રભાવ પણ નહિ. આ બે અંકુશોના આધારે ઋષભે રાજતંત્ર સંભાળ્યું.

કલ્પવૃક્ષના નાશ થવાથી ભોગના યુગની સમાપ્તિ અને કર્મના યુગનો ઉદય થયો. કરવું અને ભોગવવું એ ઉદ્દેશ્ય અનુસાર લોકોને ખેતી કરતાં શીખવ્યું. લોકોએ ખેતી કરી અનાજ પેદા કર્યું જેથી ખાદ્યપદાર્થોની સમસ્યાનો અંત આવ્યો. ઋષભે

કૃષિની સાથોસાથ બીજી આવશ્યકતાની પૂર્તિ માટે બીજા ઉપાયો સૂચવ્યા, લોકોને અસિ, મસિ ને કૃષિ સાથે શિલ્પ, વાણિજ્ય અને વિદ્યા એમ લૌકિક ષટ્કર્મનો ઉપદેશ આપ્યો. અસિનો અર્થ શસ્ત્ર થાય છે. ઋષભે શસ્ત્રપ્રયોગ શીખવ્યો. મસિનો અર્થ સ્યાહી થાય છે અને મસિકર્મ એટલે લેખાં-જોખાંથી વસ્તુવિનિમય કરવાનો માર્ગ ચીંધ્યો. કૃષિ એટલે ખેતી અને ખેતીનાં ઓજારોવિષયક જ્ઞાન આપ્યું. આમ કૃષિનાં ઉપકરણો અને અસ્ત્ર-શસ્ત્રની ઉત્પત્તિથી માનવસંસ્કૃતિમાં ધરમૂળથી પરિવર્તન આવ્યું. અસિ, મસિ અને કૃષિ એ ત્રણ કર્મ શીખ્યાં પછી મનુષ્ય માટે કર્મયુગ શરૂ થયો. હવે લોકો ખેતી કરી અનાજ ઉત્પન્ન કરતા, શસ્ત્રો વડે પોતાનું રક્ષણ કરતા અને વિદ્યા વડે વ્યાપાર, વાણિજ્ય અને વિનિમય કરવાનું શીખ્યા. આમ લોકો પોતાની યોગ્યતા અનુસાર કાર્ય કરતા. તેમ છતાં સમાજમાં બધાનું સ્થાન સરખું જ હતું. તેમાં કોઈ ભેદભાવ ન હતો, પણ વર્ણવ્યવસ્થાની શરૂઆત કદાચ આ કારણે જ થઈ હોઈ શકે.

ઋષભે તેના પુત્ર ભરતને ૭૨ (બોંતેર) કલા શીખવી હતી, બાહુબલિને પશુ-પક્ષીનાં લક્ષણો બાબતે પારંગત કર્યો હતો. તેમની પુત્રી બ્રાહ્મી ૧૮ (અઢાર) લિપિમાં માહેર હતી. કદાચ બ્રાહ્મી લિપિ બ્રાહ્મીના નામ પરથી જ મશહૂર હતી. સુંદરી ગણિતવિદ્યામાં નિપુણ હતી. આમ સ્ત્રીઓને શિક્ષિત કરવામાં પણ ઋષભ અગ્રેસર હતા.

ઋષભના વખતમાં લગ્નવ્યવસ્થા પણ પ્રચલિત થઈ તેથી લોકો પત્ની સિવાય બીજી સ્ત્રીઓ સાથે નિર્વિકાર સંબંધ રાખતા થયા. બહેન સાથેનાં લગ્ન વર્જિત કરવામાં આવ્યાં તેથી ભાઈ-બહેનનો પવિત્ર સંબંધ પણ ઋષભની જ દેન છે.

તે સમયે લોકો વનમાં વિચરતા હતા. તેમાં પરિવર્તન લાવી ગ્રામ્યવ્યવસ્થા વિશે ઋષભે લોકોને સમજાવ્યું. લોકોની શારીરિક શક્તિ ઉત્તરોત્તર ઘટતી જશે તેથી ઘર બનાવી રહેવું સુરક્ષિત બનશે. સાથેસાથે રહેવાથી એકબીજાનો સાથ મળતો રહે જેથી કોઈ પણ વિપત્તિનો સામનો સરળતાથી થઈ શકે. કોઈ પણ જાતની મુશ્કેલીને આસાન કરવી સહેલી થઈ શકે. આ વાત લોકોને સમજાઈ અને ધીમે ધીમે તેઓ જંગલ છોડી પોતાના ઘર બનાવી રહેવા લાગ્યા, જેને લીધે વસ્તી, રહેઠાણ અને ગામ વસવા લાગ્યાં. એ જગ્યાને તેમણે વિનીતા નગરી નામ આપ્યું. આમ પ્રથમપણે ગામમાં વસવાટ કરવાનું શ્રેય પણ ઋષભને જ જાય છે.

જેમ જેમ લોકો સાથે વસવાટ કરવા લાગ્યા અને સમાજનો વિકાસ થવા લાગ્યો તે સાથે અપરાધ પણ શરૂ થઈ ગયા. આ અપરાધ પર અંકુશ રાખવા માટે દંડનીતિ નવેસરથી બનાવવામાં આવી. નાભિ જ્યારે કુલકર હતા ત્યારે હાકારથી માકાર અને માકારથી ધિક્કાર નીતિ પ્રચલિત હતી. ઋષભે ચાર પ્રકારના દંડ વિશે જણાવ્યું. પરિભાષિક (થોડા સમય માટે નજરકેદ), મંડલી બંધ (સીમા પર પાબંદી), નજરબંધ (નજરકેદ રહેવું) અને દંડપ્રહાર (ભયંકર અપરાધીને દંડપ્રહાર કરવો). દંડપ્રહાર એ સહુથી મોટો દંડ હતો.

ઋષભે પોતાના બધા પુત્રોને પોતાનો કારભાર સોંપીને દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો. ચૈત્ર વદ આઠમના દિને તેઓ ઉદ્યાનમાં પહોંચ્યા અને વસ્ત્ર-આભૂષણ ઉતારી ઈન્દ્રને સોંપી દીધાં પછી કેશલોચ કરવા લાગ્યા. તે સમયે પંચમુષ્ટિ લોચ કરતાં, જ્યારે ચાર મુષ્ટિ લોચ થયો ત્યારે ઈન્દ્રએ પ્રભુને વિનંતી કરી કે આટલા સુંદર કેશકલાપનો લોચ ન કરો, સુંદર લાગે છે. તેમની વિનંતીને માન આપીને ઋષભે આગળ લોચ ન કર્યો. બધા લોકો ઋષભનું અનુકરણ કરતાં અને કદાચન્ ચોટી-શિખાની પરંપરા શરૂ થઈ.

દીક્ષા ગ્રહણ કર્યા પછી ઋષભને પૂર્વકર્મની અંતરાય હોવાથી આહારનો યોગ થયો નહિ અને એક વર્ષના ઉપવાસ થયા. વૈશાખ સુદ ત્રીજના દિને તેમના પ્રપૌત્ર શ્રેયાંસકુમારને જાતિસ્મરણ જ્ઞાનથી પ્રભુને આહાર વહોરાવવાનું સૂઝ્યું અને તેમણે પ્રભુને ઈક્ષુરસથી પારણા કરાવ્યા. આ પરથી અક્ષયતૃતીયાને દિને વર્ષીતપનાં પારણાં ઈક્ષુરસથી કરવાનો મહિમા છે.

દીક્ષિત અવસ્થામાં એક હજાર વર્ષ વિતાવ્યાં પછી ફાગણ વદ અગિયારશે પ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. તે સમયે ચોસઠ ઈન્દ્રો પધારે છે. દેવો દુંદુભિનાદ કરે છે. સમવસરણની રચના કરવામાં આવે છે અને પ્રભુ દેશના આપે છે ત્યારે પહેલી વાર લોકોને અધ્યાત્મ વિશે જાણવા મળે છે. ચતુર્વિધ સંઘની સ્થાપના બાદ પ્રભુ તીર્થંકર કહેવાયા. તેમના ધર્મપરિવારમાં ૮૪ હજાર શ્રમણો હોય તે અદ્ભુત ક્રાંતિનું પરિણામ હતું.

ભગવાન ઋષભ અષ્ટાપદ પર્વત પર અનશન કરી, અઘાતી કર્મોનો નાશ કરી નિર્વાણ પામ્યા, મોક્ષગતિને પામી પરમાત્મપદ ધારણ કર્યું. કૈલાસ પર્વત તેમનું નિર્વાણસ્થાન હોવાથી સિદ્ધક્ષેત્ર અને તીર્થ તરીકે પ્રસિદ્ધ થયું.

ભગવાન શ્રી ઋષભદેવના જીવનના વિવિધ પ્રસંગો, ઉપદેશ અને આચાર પરથી જાણવા મળે છે કે ફક્ત પ્રથમ તીર્થંકર જ ત્રીજા આરામાં થયા હતા. ભોગયુગનો અંત અને કર્મયુગનો આરંભ તેમના સમયમાં થયો હતો. સમાજનાં નિર્માણ અને વ્યવસ્થામાં તેમનો મહત્ત્વનો ફાળો દેખાય છે. આમ જોવા જઈએ તો ઋષભ તો ખરા અર્થમાં આદિકર જ છે. અધ્યાત્મ કે સમાજ કોઈ પણ ક્ષેત્ર વિશે વિચારીએ તો ઋષભ એક ઘડવૈયા તરીકે આપણા મનમાં સુંદર છાપ ઊભી કરી શકે છે. તેથી જ ઋષભનું વ્યક્તિત્વ એક ઐતિહાસિક વ્યક્તિત્વની આભા ઉપસાવી શકે છે.

જૈન સંસ્કૃતિની દૃષ્ટિએ ભગવાન ઋષભ પ્રથમ રાજા, પ્રથમ જિન, પ્રથમ કેવલી, પ્રથમ તીર્થંકર, પ્રથમ ધર્મચક્રવર્તી હતા.

# પિરામિડ વાસ્તુ

■ શ્રીમતી મીનાક્ષી શેઠ (પિરામિડ વાસ્તુ એક્સપર્ટ)


વાસ્તુશાસ્ત્ર જેનો શાબ્દિક અર્થ ઈમારતનું વિજ્ઞાન છે જે આપણે જાણીએ છીએ, પણ વાસ્તુ એ કેવળ ગણતરીઓનાં અને ભૌતિક પરિમાણો નથી. તે ભારતીય તત્ત્વજ્ઞાન, ધર્મ અને કૉસ્મિક ઊર્જા સાથે ગાઢ સંબંધ ધરાવે છે, જે મનુષ્યની સૂક્ષ્મ રીતે રચાયેલ પરિસ્થિતિ છે જે ૯ ગ્રહો, ૧૨ રાશિઓ અને ૨૭ નક્ષત્રોનાં ફેરફાર અને જોડાણ સાથે સંપર્ક રાખે છે.

વાસ્તુશાસ્ત્ર ભારતમાં વિકાસ પામેલ યુગોપુરાણું સ્થાપત્યકલાનું વિજ્ઞાન છે, જે સ્થાપત્યવેદની શાખા છે. આ રીતે વાસ્તુ આપણા મહાન સંતો અને ઋષિમુનિઓ દ્વારા શોધાયેલ વિજ્ઞાન છે, જે માનવજીવનને વધારે સુખી અને સમૃદ્ધ, આરોગ્યપ્રદ જીવન તરફ લઈ જાય છે.

ગયા અંકમાં આપણે ઘરમાં વાસ્તુની મહત્તા કેટલી છે તે જાણ્યું. આ અંકમાં આપણે જમીન અને પ્લૉટના આકાર વિષે જાણીશું.

જે જમીન ફળફળાદિનાં વૃક્ષોથી ભરપૂર હોય, જે ફળદ્રુપ જમીનમાં ખેતીથી અનાજ નિષ્પન્ન થતું હોય, જે જમીનમાંથી પાણી મળતું હોય તે જમીન સારી અને પૉઝિટિવ ગણાય છે. જે જમીન બિનફળદ્રુપ હોય, ઝાંખરા, પથરાળ જમીન હોય, બાવળ, કુવાર જેવા કાંટાળા છોડ ઊગતા હોય તે જમીન બાંધકામ માટે સારી ગણાતી નથી. જમીન વિષે ઘણું ઊંડું અને વિસ્તૃત વિજ્ઞાન છે, પણ આપણે એ વિષયના ઊંડાણમાં ન જતા પ્લૉટ અને તેના આકારો વિષે જોઈએ.


સૌપ્રથમ તો પ્લૉટનો ઢાળ પશ્ચિમથી પૂર્વ અને દક્ષિણથી ઉત્તર જ હોવો જોઈએ.



**ચોરસ** : દરેક ખૂણા ૯૦'ના હોય તો આ પ્લૉટ દરેક રીતે સારા છે. આ આકાર ધનવૃદ્ધિ, સર્વાંગી વિકાસ, રિદ્ધિસિદ્ધિદાયક અને દરેક ક્ષેત્રમાં સફળતા આપનાર છે.




આ પ્લૉટ પણ દરેક રીતે શુભ, સમૃદ્ધ, દરેક ક્ષેત્રમાં સફળતા આપનાર છે, પરંતુ લંબાઈથી પહોળાઈ બે ગણીથી વધુ ન હોવી જોઈએ.



આ ગોળાકાર પ્લૉટ ધનસંપત્તિ અને જ્ઞાનના વિકાસ માટે ખૂબ જ લાભકારક છે. આધ્યાત્મિક ક્ષેત્રે પણ ઉન્નતિ વિકસાવે છે, પરંતુ તેના ઉપર ચોરસ કે લંબચોરસ મકાન ન બાંધવું જોઈએ.



આ ષટ્કોણ આકાર પણ રહેઠાણ માટે સારો છે. તે પણ પ્રગતિ, સમૃદ્ધિ અને વિકાસના વેગને તીવ્ર બનાવે છે.




આ ભદ્રાકાર પ્લૉટ પણ રહેઠાણ માટે શુભ ગણાય છે. રહેનારને તમામ પ્રકારની ખુશી અને આનંદ મળે છે.



આ આકારનો પ્લૉટ ઘરના બાંધકામ માટે શુભ છે, પણ બિઝનેસ હેતુ માટે યોગ્ય નથી.




આ આકારનો પ્લૉટ બિઝનેસ હેતુ માટે સારો છે. રહેઠાણ માટે યોગ્ય નથી.



આ આકાર રહેવા કે બિઝનેસ માટે યોગ્ય નથી. તેમાં આગનો ભય રહે છે અને શાસન સરકાર તરફથી દંડ અને ત્રાસનો ભય રહે છે.



આ લંબગોળાકાર પ્લૉટ અશુભ અને હાનિકારક ગણાય છે. નુકસાન થવા સંભવ છે.



એક ચોરસ પ્લૉટને સમાંતરે બે ભાગમાં આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે ત્રાંસી રીતે વિભાજિત કરવામાં આવે છે. ઉત્તર પૂર્વ બાજુનો ભાગ સૂર્ય બને, જ્યારે દક્ષિણ પશ્ચિમનો ભાગ ચંદ્ર બને. સૂર્ય બાજુનો ભાગ નીચો, તેજસ્વી કે હળવો હોવો જોઈએ અને ચંદ્ર ભાગ ઊંચો અને અંધારિયો હોવો જોઈએ.

આ રીતે આપણે પ્લૉટનો આકાર પસંદ કરવો જોઈએ.

*વિશેષ માહિતી માટે સંપર્ક : ૯૩૨૦૨૭૭૬૫૫*

## વાર્ષિક સામાન્ય સભા

■ **જેજેસી-જુહુ** : વર્ષ ૨૦૧૧ની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન તા. ૧૨-૫-૨૦૧૧ ને ગુરુવારના રોજ જશોદા રંગ મંદિર ખાતે કરવામાં આવેલ.

■ **જેજેસી-વિલે પાર્લે** :વર્ષ ૨૦૧૧ની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬-૦૫-૨૦૧૧ ને ગુરુવારના રોજ ભાઈદાસ હૉલ ખાતે યોજવામાં આવેલ.

■ **જેજેસી-બોરીવલી** :વર્ષ ૨૦૧૧ની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૩-૦૩-૨૦૧૧ ને બુધવારે ભાઈદાસ સભાગૃહમાં સંપન્ન થઈ.

# શરીરના સાંધામાં થતા દુખાવાનાં કારણ તથા દવા વગરની સારવાર

■ ડૉ. સોનલ મોતા (૯૯૩૦૦૯૯૧૧૦)

શારીરિક દુખાવો એ એવો કુદરતી સંકેત છે કે જેનાથી માણસને જાણ થાય છે કે તેના શરીરમાં કોઈ જગ્યાએ ખામી છે. આંતરિક ગરબડ કે ખામીનો સંકેત એટલે દુખાવો. વર્તમાન સમયમાં મોટા ભાગના શહેરી લોકોને શારીરિક કરતાં માનસિક શ્રમ વધારે કરવો પડે છે. ઑફિસમાં સતત કૉમ્પ્યુટર પર તથા ટેબલ વર્ક માટે સતત ખુરશી પર દસથી બાર કલાક કાર્ય કરવું પડે છે.

મુંબઈ જેવા મહાનગરમાં ઘરથી ઑફિસે કે ફૅક્ટરીએ પહોંચવા માટે ટ્રેન, બસ, કારના પ્રવાસમાં બેથી ત્રણ કલાક સામાન્ય રીતે લાગી જતા હોય છે. સમયના અભાવે માણસને કસરત કરવાનો ટાઈમ જ મળતો નથી. કસરતનો અભાવ અને અનિયમિત ભોજનના લીધે પાચનતંત્રમાં ગરબડ થવાને કારણે શરીરમાં અનેક રોગ ઉત્પન્ન થાય છે.

એમાં કરોડરજ્જુથી જોડાયેલાં દર્દોની સંખ્યા સહુથી વધારે છે, જેવા કે હાથની આંગળીઓમાં ઝણઝણાટી, સ્પોન્ડિલાઈટીસ, ગર્દન, ફ્રોઝન શોલ્ડર, ખભો, પીઠ, કમરના મણકાની નીચે નસ દબાઈ જવી, ગાદી ખસી જવી, મણકા ઘસાઈ જવા, સ્લિપ ડિસ્ક, સાયટિકા, ઘૂંટણની ઢાંકણી ઘસાઈ જવી, દાદર ચડતા-ઊતરતા ઘૂંટણમાં દુખાવો થવો, એડી તથા પગનાં તળિયામાં ખાલી ચડવી, બળતરા થવી, આંગળીઓ એકબીજા પર ચડી જવી તથા સોજા આવવા એ આજકાલ સહુથી વધારે જોવા મળે છે.

વર્તમાનયુગમાં ચિકિત્સા ક્ષેત્રે અનેક સારવાર પદ્ધતિ વિકાસ પામી છે. આ બધી પદ્ધતિઓ પોતાની રીતે માનવરોગોને સારા કરવા પ્રયત્ન કરે છે. એમાં ઘણા રોગો પર અંકુશ કરી લીધો છે, જેવા કે કૅન્સર, ટી.બી. જેવા રોગો તેમ જ કરોડરજ્જુના રોગોમાં. દર્દીને ટી.બી., કૅન્સરની ગાંઠ થઈ ગઈ હોય કે મણકામાં પસ થઈ ગયું હોય કે પછી અંદર સડો થવા લાગ્યો હોય કે કોઈ જાતનું ઈન્ફેક્શન લાગ્યું હોય કે પછી એક્સિડન્ટ થયો હોય ત્યારે દવા જ કામ આવતી હોય છે. ત્યારે બીજી કોઈ સારવાર પદ્ધતિથી કંઈ લાભ થતો નથી, પણ ઘણી વાર આપણા ઉતાવળા સ્વભાવને લીધે એક ઉપચાર પદ્ધતિમાંથી બીજી પદ્ધતિમાં જતા હોઈએ છીએ ત્યારે આપણને લાગે છે કે આ બીજી સારવાર પદ્ધતિ અપનાવી એનાથી મને ફાયદો થયો છે, પણ ત્યાં જ આપણી ભૂલ થાય છે, કેમ કે ઘણી દવાઓ ધીરે ધીરે અસર કરતી હોય છે. એવી જ રીતે બેઠાડું જીવન, ઓવર વેઈટ, કસરતનો અભાવ, અયોગ્ય ખાનપાન, અપૂરતી ઊંઘ, તેમ જ ટેન્શનવાળા સ્વભાવને લીધે પણ કરોડરજ્જુના અનેક જાતના રોગ ઉત્પન્ન થતા હોય છે અને આ રીતના રોગોમાં કોઈ પણ જાતની દવા કામ આવતી નથી અને આવે છે તો કામચલાઉ રાહત મળતી હોય છે.

કરોડરજ્જુથી સંકળાયેલા રોગો માટે લોકો ઘણી જાતની સારવાર કરાવ્યા છતાં ઘણા લોકોના દુખાવા થોડા થોડા સમયે પાછા દેખાતા હોય છે. એનું કારણ જોવા જઈએ તો તાળી એક હાથથી વાગતી નથી. ઘણા દર્દીઓ સારવાર વચ્ચેથી છોડી દેતા હોય છે, તો ઘણા કેસોમાં સારવાર આપનાર થાપ ખાઈ જતો હોય છે, કે દુખાવો શાના લીધે છે, એટલે દુખાવો પાછો આવી જતો હોય છે. તો સહુથી પહેલા આપણે જાણવું જરૂરી છે કે મણકાનો દુખાવો એ શું છે, ક્યાંથી ઉત્પન્ન થાય છે અને કેવી રીતે શરીરમાં ઘર કરી જાય છે.

દિવસ આખાની દોડધામ દરમિયાન દરેક માણસનાં હાડકાં (મણકા) પોતાની મૂળ જગ્યાએથી થોડાં આઘાં-પાછાં ખસી જતાં હોય છે, પણ તે ખસેલાં હાડકાં (મણકા) રાત્રે ઊંઘ દરમિયાન એટલે આરામ દરમિયાન પોતાની મૂળ જગ્યાએ પાછાં આવી જતાં હોય છે. દિવસ દરમિયાન કાર્ય કરવાથી જે થોડોઘણો દુખાવો શરીરમાં થયો હોય એ રાત્રીના આરામથી મટી જતો હોય છે અને એના લીધે સવારમાં સ્ફુર્તિ અને કાર્ય કરવાની ઈચ્છા આપણને થાય છે, પરંતુ જ્યારે કોઈ પણ આંતરિક અથવા બાહ્ય કારણોને લીધે એટલે કે શરીરમાં પોષણની ખામી, ડિજનરેશનની ક્રિયા, ટ્રાવેલિંગ કરતા રોડ પર લાગતા આંચકા-ધક્કાને કારણે, અકસ્માત વગેરેને લીધે હાડકાં (મણકા) કુદરતે બક્ષેલી મર્યાદિત શક્તિ બહાર ખસી જાય છે ત્યારે તે હાડકાં પોતાની મૂળ જગ્યાએ પાછાં આવી શકતાં નથી અને તેવી સ્થિતિથી ઉત્પન્ન થતો દુખાવો પોતાની રીતે મટી શકતો નથી અને દુખાવાને લીધે કરોડરજ્જુને હલન-ચલન કે પડખું ફેરવવાની પણ મુશ્કેલી ઊભી થાય છે અને તેવી સ્થિતિમાં કરોડરજ્જુ જડ લાકડા જેવી થઈ જાય છે.

અસ્થિતંત્ર (હાડપિંજર), સ્નાયુત્રંત્ર અને નર્વતંત્ર આ

ત્રણે તંત્રોના સહકારથી માનવશરીર એક યંત્ર તરીકે કાર્ય કરે છે. આ ત્રણ તંત્રમાંથી એક પણ તંત્રમાં ખામી ઉત્પન્ન થાય તો બીજાં તંત્રોના કાર્યમાં પણ અસર થાય છે. કરોડરજ્જુમાં જો મણકો ખસે તો તેની સાથે ગાદી અને સ્નાયુબંધો પણ ખસે છે. મણકાના ખસવાથી સ્નાયુ પર તે મણકાનું દબાણ આવે તો એ મણકાની વચ્ચેથી પસાર થતી નર્વના કાર્યમાં પણ અવરોધ ઉત્પન્ન થતો હોય છે અને રોગની પ્રતિકારશક્તિ, એટલે તે અવયવની મગજ સાથેના સંદેશાઓની આપ-લે શક્તિ ઘટી જાય છે અને તેની સાથે જોડાયેલા બીજા અવયવોમાં પણ ખામી ઉત્પન્ન થાય છે.

માનવશરીરમાં અગણિત નાનામોટા સ્નાયુતંતુ હોય છે. આ સ્નાયુ સ્પ્રિંગની જેમ કામ આપે છે. તેમની મદદથી આપણે આપણા શરીરની બધી ક્રિયાઓ કરી શકીએ છીએ. સ્નાયુની મદદ વગર તમે ચાલી ન શકો, કોઈ પણ વસ્તુ ઊંચકી ન શકો. આપણું શરીર જે હાડકાં પર ઊભેલું છે એ બધાં હાડકાં છૂટાં છે, એ બધાં સ્નાયુની મદદ વડે એકબીજાંની સાથે જોડાયેલાં છે. બે હાડકાંની વચ્ચે સ્પ્રિંગ જેવી પોચી સ્નાયુની ગાદી હોય છે. એના લીધે બેસતાં, ઊઠતાં, ચાલતાં કે બીજી કોઈ પણ ક્રિયા કરતાં હાડકાં એકબીજાં સાથે ઘસાતાં નથી. જ્યારે આપણા શરીરનું વજન વધી જવાથી કે પોષણની ખામી, એક્સિડન્ટ કે બીજાં કોઈ કારણોસર સ્નાયુઓ નબળા પડે ત્યારે જે સ્પંજ જેવી ગાદી દબાઈ જવાથી બે હાડકાંની વચ્ચે જગ્યા ઓછી થઈ જતી હોય છે, એના લીધે આપણે સીધા ટટ્ટાર ઊભા રહી શકતા નથી. દાદરો-રેલિંગ પકડ્યા વગર ચડી શકતા નથી. જમીન પર બેઠા પછી ટેકો લીધા વગર ઊઠી શકતા નથી.

સ્નાયુ નબળા પડવાનું કારણ આપણે દિવસભરમાં જે કાર્ય કરીએ છીએ એમાં આપણા શરીરના અમુક સ્નાયુ વધારેપડતા વાપરીએ છીએ, તો ઘણાની બિલકુલ નહીં જેવી વપરાશ કરતા હોઈએ છીએ. સમયનો અભાવ અને આળસના લીધે આપણે કસરત કરી શકતા નથી. કસરત વિના નિષ્ક્રિય રીતે પડ્યા રહેતા સ્નાયુઓનું કદ ઘટે છે, ઢીલા પડે છે, કાર્ય કરવાની ક્ષમતા ઘટે છે, ફ્લેક્સિબિલીટી જતી રહે છે, તેથી ઓછા કાર્યમાં વધુ દુખાવો થાય, સરવાળે કમજોરી, નબળા સ્નાયુઓ અને બેડોળ શરીર, મોટી ઉંમરે વધી પડેલું પેટ એ જામી પડેલી ચરબીને કારણે નથી, પણ નબળા થઈ ગયેલા સ્નાયુઓને લીધે પેટની અંદરના અવયવો તેને ગણકાર્યા વિના દબાણ કરે, તેથી ફાંદ ફૂલવા લાગે. કમરથી વિંટળાયેલા સ્નાયુઓ મણકાની હારમાળાઓ પકડી રાખી શરીર ટટ્ટાર રાખે છે, પણ જ્યારે સાઈડમાં ટાયર જેવું લાગવા માંડે, કમરના સ્નાયુ ઢીલા થવા લાગે, એટલે ઉપલું ધડ આગળ તરફ નમવા લાગે અને મણકામાં ઘસારો થવા લાગે. પિંડી, જાંઘ તથા નિતંબ સાથે સંકળાયેલા સ્નાયુઓ ધડના વજનને ઉઠાવે છે. શરીરનાં હલનચલન માટેની મહત્તમ મર્યાદા કે ક્ષમતા અહીં હોય છે. પિંડી, જાંઘ, નિતંબના નબળા સ્નાયુ મતલબ તમોને ક્યારેય પણ કમર, સ્લિપ ડિસ્ક, સાયટિકા, ઘૂંટણ, એડી તથા પગના દુખાવા આપી શકે. નબળા સ્નાયુ તમને માત્ર બેડોળ નથી બનાવતા, પણ સાથે તમારી સ્ફુર્તિ પણ છીનવી લે છે. કસરતના અભાવમાં નબળા સ્નાયુઓ ઢીલા પડે છે. વળી આ સ્નાયુઓને હાથે સ્પર્શ કરવામાં આવે તો પોચા તથા નરમ લાગે છે.

માણસે જીવન ટકાવવા ખાવું જોઈએ. ખાવા માટે જીવન જીવતો માણસ જ દુખાવાથી તથા વિવિધ રોગોથી ઘેરાયેલો રહે છે. મનુષ્યને નિરોગી જીવન જીવવા માટે રોજનું ૭ થી ૮ ગ્રામ મીઠું, ૨૦ થી ૨૫ ગ્રામ સાકર તથા ૧૫ થી ૨૦ ગ્રામ તેલ કે ઘીની જરૂર હોય છે. એની સામે તમે કેટલું લો છો. ૧૦૦ ગ્રામ કોઈ પણ તળેલી ચીજમાં ૩૦ થી ૩૫ ગ્રામ તેલ રહી જતું હોય છે એ નિષ્ણાતોનો મત છે. દરરોજ ૪૫ થી ૬૦ મિનિટ ચાલવાથી બધા સ્નાયુઓને જરૂરી કસરત મળી જતી હોય છે. આવી રીતે જીવન જીવતો મનુષ્ય ૮૦ વર્ષે પણ નિરોગી રહે છે એ સત્ય હકીકત છે. ઉપર મુજબનું જીવન ન જીવવાથી ઘણી જાતના રોગો થવાની ખૂબ જ શક્યતા રહેલી છે.

શરીરના દુખાવામાં બધી જાતની સારવાર લઈને, ઑપરેશન કરાવીને થાકેલા, નિરાશ થયેલા, મોટી ઉંમરના, પોતાની રીતે બાથરૂમમાં ન જઈ શકનારા અસંખ્ય દર્દીઓને ઈશ્વરકૃપાથી દુખાવાથી મુક્ત કરતાં જે અનુભવ થયા એના પરથી વિકસાવેલી સારવાર પદ્ધતિ છે. આ સારવારમાં તમારા શરીરની પ્રકૃતિને અનુરૂપ ખોરાક જેનાથી વાયુ, પિત્ત, કફ બેલેન્સ થાય તેવી રીતનો ખોરાક, તમારા નબળા-લબડી પડેલા સ્નાયુઓ, અકડાયેલા સાંધાને અનુરૂપ કસરતો અને કસરત કરવાનું જો શક્ય ન હોય તો સ્ટીમ્યુલેટર તથા વાયબ્રેટરથી કંપન આપી સ્નાયુ તથા સાંધાઓને એક્ટિવેટ કરી તથા અકડાયેલા સાંધા છૂટા પાડી તેમાં રક્તનું ભ્રમણ વધારી સોજો ઘટાડી દુખાવાથી મુક્ત કરવાનું હોય છે. કેટલા સમયમાં સારું થશે એ દર્દીને જોયા પછી જ કહી શકાય. આ સંપૂર્ણ સારવાર કરોડરજ્જુ સાથે સંકળાયેલા અવયવ તથા મણકાઓની છે. આ સારવાર તદ્દન દવા વગરની છે.

# જીવનની મધુર સરગમ

■ ધનસુખ અમરશી મોરબિયા (જેજેસી-દાદર)

૧) એકબીજા પર સંપૂર્ણ વિશ્વાસ ન હોય તેવા મનુષ્યો કદી સાચા મિત્રો બની શકતા નથી અને જ્યાં સુધી મનુષ્યનાં વિચાર, વાણી અને વર્તનમાં એકસૂત્રતા ન હોય ત્યાં સુધી તેના પર સંપૂર્ણ વિશ્વાસ ક્યારેય મૂકી શકાતો નથી.

૨) સુખ-દુઃખ મનનું કારણ છે. બનાવ - ઘટના બન્યાં કરે, પણ એ જોવા-સમજવાની દૃષ્ટિ, દૃષ્ટિકોણ મનનો કેવો છે એના પર આત્માને સંદેશો મળે અને આપણે સુખ-દુઃખ અનુભવીએ છીએ. હકીકત કંઈક જુદી જ હોય છે. મન-ચિત્તના ખોટા સંદેશાથી આત્મા સુખ-દુઃખ અનુભવે છે.

૩) નદીને રજા હોતી નથી, પવનને વિસામો ખાવાનો હોતો નથી, સૂર્યને હંમેશાં બળતા રહેવા સિવાય બીજી પ્રવૃત્તિ નથી. એ જ પ્રમાણે નિષ્કામકર્તાને સતત સેવાકર્મ વગર બીજી કોઈ ફિકર હોતી નથી.

૪) માનવીના જીવનમાં એક પળ એવી આવે છે કે આખા જીવનનું વહેણ બદલી નાખે છે. રત્નાના જીવનમાં એવી પળ આવી અને એ વાલ્મીકિ બન્યો, સિદ્ધાર્થના જીવનમાં એક પળ એવી આવી અને એ બુદ્ધ બન્યા, ગાંધીજીના જીવનમાં પણ એવી જ પળ આવી અને એ ગાંધીજીને બૅરિસ્ટર-મહાત્મા બનાવી ગઈ. પારસમણિ સમી આવી તારક પળ માનવજીવનમાં ફક્ત એક જ વાર આવે છે. પળને પારખી લઈએ અને જીવન સુધારી લઈએ.

૫) તમારો ગૃહસ્થાશ્રમ દેવ જેવો બનાવો પછી દેવગતિ પામવાની આશા રાખજો. અહીં વેર-ઝેર, કલહ ચાલતાં હોય અને ધર્મકરણી કરી દેવગતિ પામવાની આશા રાખતા હો તો તે નકામી છે, માટે પ્રથમ જ્યાં વસતા હો ત્યાં પરસ્પરમાં પ્રેમ, સંપ રાખો, પછી ધર્મ તરફ આગળ વધો. કોઈકોઈ જગ્યાએ જોવામાં આવે છે કે પિતા-પુત્ર, ભાઈ-ભાઈ, સાસુ-વહુ વચ્ચે પ્રેમ-સંપ એટલો હોય કે એકબીજાં શાંતિસુખ અનુભવતાં હોય અને દેવગતિ જેવું સુખ અનુભવતાં હોય.

૬) સદ્‌વાંચન એ જીવનનો અરીસો છે, એ જીવનચણતરનો પાયો છે, વ્યક્તિત્વઘડતરનું પ્રથમ પગથિયું છે તેથી સાત્ત્વિક સાહિત્ય વાંચવાની સુટેવ કેળવજો, તમારું જીવન જરૂર દીપી ઊઠશે.

૭) સમાજમાં સામાન્ય રીતે બે પ્રકારના માણસો જીવતા હોય છે. મોટા ભાગના લોકો સ્વાર્થપ્રેરણાથી જ જીવતા હોય છે. પોતાને વધુમાં વધુ સુખ કેમ મળે તેની જ પળોજણમાં હંમેશાં રહેતા હોય છે અને બીજા પ્રકારના લોકો બહુ અલ્પસંખ્યામાં હોય છે તે પરાર્થપ્રેરણાથી જીવતા હોય છે.

૮) વ્યક્તિ વ્યક્તિ વચ્ચે પ્રેમના પ્રકાર અલગ અલગ હોય છે : વાત્સલ્યપ્રેમ, પિતૃપ્રેમ, પત્નીપ્રેમ, સખીપ્રેમ એ બધામાં પ્રેમ હોવા છતાં તેનો અનુભવ અલગ હોય છે.

૯) કોઈ પણ કામને ટાળતા રહેવું કે ન કરવાનું બહાનું શોધવું, કોઈ કામમાં નિષ્ફળતા મળે ત્યારે બીજાનો વાંક ન શોધતાં એ કામ સફળ થાય તે માટે મહેનત કરવી. બીજાનો વાંક શોધવાની ટેવ નિષ્ફળતા તરફ ધકેલે છે.

૧૦) દરેક માણસને એની ઈચ્છાઓ અને સપનાં જ સૌથી વધુ દુઃખી કરે છે, કેમ કે તે ઈચ્છા તો કરે છે અને સપનાં પણ જુએ છે, પરંતુ કુદરતને તો કંઈક જુદું જ મંજૂર હોય છે. આ એક કડવું સત્ય છે.

૧૧) મહાન આત્માઓની, ઉચ્ચ જીવન ધરાવનારની નિંદા-ટીકા કરે છે એ તો દોષપાત્ર પાપી બને છે, પણ જે એને સાંભળી લે છે એ પણ દોષપાત્ર પાપી ઠરે છે.

(૧૨) ઘોડિયામાંથી બહાર નીકળવા જેટલો પુરુષાર્થ બાળક કરે છે, તેટલો આપણે ધર્મ કરવા માટે કર્યો છે ખરો? બાળક ઘોડિયા સાથે માથું પછાડે, લોહી નીકળે તો ભલે, પણ બહાર નીકળ્યા વગર રહે!

૧૩) વૃદ્ધાવસ્થામાં માતા-પિતાએ પોતાની શારીરિક અને સ્વભાવગત મર્યાદા સમજી લેવી જોઈએ. જીવન સતત પરિવર્તનશીલ છે, નવી પેઢીને પોતાના જમાનાની ફૂટપટીથી માપવી ન જોઈએ.

૧૪) આપણે જો આપણી ભૂલોમાંથી બરાબર શીખતા જઈએ તો એ જ ભૂલો આપણને ઉત્તરોત્તર ખામીયુક્ત ભૂમિકા પ્રાપ્ત કરાવનાર પરિબળ બની શકે.

## VISIT WEBSITE

જૈન જાગૃતિ સેન્ટરોની વિવિધ પ્રવૃત્તિઓ વિશેની માહિતી જાણવા જેજેસીની વેબસાઈટની મુલાકાત લ્યો. જાગૃતિ સંદેશ, વિવિધ સેન્ટરોના પરિપત્ર તથા અન્ય માહિતી આ વેબસાઈટ પર ઉપલબ્ધ હોય છે.

RAMESH GOPALAN

M. No : 9892407805

Email : rameshg0307@gmail.com

# RELIABLE

## Estate Agency

Contact for Sale & Purchase of Flats, Shops, Offices, Industrial Gala and Paying Guest accommodation in Jogeshwari East, Andheri East, Andheri West, Vile Parle (East).




Mother toddler welcomes to our kids zone, to explore your joy and happiness which includes each concept is introduced to the toddler using a puppet show, songs, drama and flash cards. All the words associated with flash cards and storytelling are shown to the toddler with the help of sight words.

**Activities :** • Fine Motor • Gross Motor • Motor Skills



| *Day & Timing* | *10.00 am to 11.30 pm* | *12.00 pm to 1.30 pm* |
|---|---|---|
| Monday, Wednesday & Friday | Batch 1 | Batch 1 |
| Tuesday, Thursday & Saturday | Batch 2 | Batch 2 |



## ☺ UTSANG ☺

The Kids World

Mother Toddlers

**Dipti Kanani**
**9867891799**

**Dipa Shah**
**9320146268**

218, Shop Zone 2nd Floor, Above Colors, Next to Bank of India, M. G. Road, Ghatkopar (W), Mumbai - 400 086. email : www.utsang62@gmail.com

# સાદું ભોજન એ જ સાત્વિક આહાર

આજે શહેરી જનતા આત્માના મંદિરરૂપી માનવદેહને આહાર ભરવાની કોઠી સમજી તેમાં વિકૃત ખોરાક ઠાલવ્યે જાય છે, પરિણામે શરીરને પોષણ મળતું નથી અને રોગ થાય છે. પહેલાંના વખતમાં પાકકળામાં પ્રવીણતા એ આર્યગૃહિણીનો પહેલો સદ્‌ગુણ હતો. આજે ક્ષુધાશાન્તિ માટે હોટેલો રસોડાનો વિકલ્પ બની ગઈ છે અને રસોડાં રઝળતાં થઈ ગયાં છે.

આજે જેમ પાણી વગર માછલી તરફડે તેમ તેલ વગર માનવી તરફડે છે, એટલો તેલનો ઉપયોગ વધી ગયો છે. પહેલાંના જમાનામાં શાકભાજીમાં જે તે શાક ખાતાં હોય તેનો સ્વાદ આવતો. આજે તેલ અને મસાલાના સ્વાદનું વ્યસન સૌને કોઠે પડી ગયું છે. પહેલાં શાકમાં પાણીની વપરાશ થતી તેની જગ્યાએ આજે તેલનો ઉપયોગ થાય છે. એક સમયમાં ડબલાશાક બનતાં. પળી એક તેલમાં આખા કુટુંબના શાકનો વઘાર થતો. તેલનો ઉપયોગ વઘારમાં માત્ર છમકારો બોલાવવા માટે જ થતો. ડોડી જેવી ભાજીઓના વઘારમાં ઘી વપરાતું. આયુર્વેદમાં શ્રેષ્ઠ શાક ''ડોડી''નું કહ્યું છે, જેને ખરખોડી અને જીવન્તી પણ કહે છે. ડોડી એટલે ખરખોડીના ફૂલ જે હર ચોમાસામાં માર્કેટમાં વેચાવા આવે છે.

આ ભાજી ઠંડી, ત્રિદોષને હરનાર અને રસાયણરૂપ છે. રતાંધળાના રોગીને તથા અર્શવાળાને તેનું સેવન ફાયદાકારક છે. પિત્તવાળાને તે અમૃત સમાન છે. ગાયના દહીં સાથે ખાવાથી તે વધુ ફાયદો કરે છે. ડોડીના ફળને ડોડા કહે છે. ગામડામાં તેને ''સુડિયા'' કહે છે. તે કાચા ખાવાથી પણ સ્વાદિષ્ટ લાગે છે. તેનું શાક પણ સરસ બને છે.

એક ઑર શાક છે ''પરવળ'', જેના વેલા તુરિયા જેવા થાય છે. પરવળને અમૃતફળ કહે છે. દક્ષિણમાં બહુ જ ખવાય છે. હવે તો બધે પરવળ છૂટથી મળે છે.

પરવળનું શાક ''સાધુશાહી'' કહેવાય છે. સાધુસંતોને પરવળ બહુ જ પ્રિય હોય છે. શાક બનાવવા તેઓ પરવળના ફાડા કરી ચૂલે ઘીનો વઘાર મૂકે છે. જેમાં તજ, લવિંગ, તમાલપત્ર, બાદિયાન, એલચી વગેરેથી વઘાર કરી પરવળની ચીરો ઓરી દે છે અને ઉપર ચટણી, મીઠું વગેરે નાખી કડાઈ પર ઊંધી થાળી મૂકી દે છે. થોડી થોડી વારે સાણસીથી થાળી ઊંચકી તાવિથાથી શાકને હલાવતા રહે છે. શાક સિદ્ધ થઈ જાય પછી પરોઠા સાથે જમે છે. શાક બનાવવા માટે કુમળા પરવળ જ ચાલે છે. પાકા અને કઠણ બીવાળા પરવળ શાકમાં ચાલતા નથી. આ શાક પુષ્ટિ આપનાર અને ત્રણે દોષને મટાડનાર છે. તેના સેવનથી ઉધરસ, લોહીનો બગાડ, તાવ, વાયુ અને કફનો નાશ થાય છે. આયુર્વેદમાં કાકડી, મૂળા અને ચીભડાંને પિત્ત કરનારાં કહ્યાં છે. વાયુ પણ કરે છે. ચોમાસામાં તો તેને પાણી ચઢ્યું હોય છે જેથી તે ખાવાથી વિષમ જવર પેદા કરે છે. ચીભડા વિષે કહ્યું છે કે,

''દહીં, મૂળા ને ચીભડાં, વનોવનના શાક,
તાવ સંદેશો મોકલે, આજ આવું કે કાલ?''

આયુર્વેદમાં આવું ગલકા અને તુરિયાં વિષે પણ કહેવાયું છે.

''તાવ કહે હું તુરિયામાં વસુ, ગલકુ દેખી ખડખડ હસુ,
દહીં, મૂળા અને ખાટી છાસ, તેને ઘેર મારો વાસ.''

ગલકાને ''પારોસ'' અને ''રાજઘિંસોડા'' પણ કહે છે. તુરિયા જેટલા ગલકા વાયડા નથી. તુરિયામાં પાણીવાળો ભાગ ખૂબ જ હોવાથી તે માત્ર તેલમાં જ વઘારાય છે. તે વર્ષાજન્ય તાવ કરનારું હોવાથી તેમાં લીંબુ અને મરીનો ઉપયોગ કરવાનું કહ્યું છે.

''તુરિયું કહે હું વાંકુંચૂંકું, મારે ડીલે છે સળી,
મારા ખાવામાં સ્વાદ કરે, તો નાખ લીંબુ ને મરી''

લોકોની અવગણના પામેલું એક શાક છે કોળાનું, જેને પતકોળું કહે છે. આ શાક મહાન રસાયણ ગુણ ધરાવે છે. કોળાના વેલા થાય છે. એક વેલામાં પચાસથી સાઠ કોળા ઊતરે છે. કોળાને ડીંટડા સહિત રાખવાથી તે એક વરસ સુધી બગડતું નથી. પાકેલું અને જૂનું કોળુ વધુ ગુણકારી છે.

વૈદકમાં કાચું કોળુ અને જૂના રીંગણા કદી ન વાપરવા તેવું કહ્યું છે. કોળામાંથી કુષ્ટમાંડ અવલેહ બને છે જે ચ્યવનપ્રાશ જેટલો જ ગુણકારી છે.

હવે આપણે ભાજી વિષેની વિગત જાણીએ. જેમાં સૌપ્રથમ કોબીજ લઈએ. આ ભાજી યુરોપિયન લોકો આ દેશમાં લાવ્યા હતા. કોબીના ગોળ દડામાં પાંદડે-પાંદડે સૂક્ષ્મ જિવાત લાગેલી હોય છે અને દરેક પાંદડે સિન્થેટિક દવાઓની અસર હોય છે. આવું જ ફ્લાવરનું છે. તેના કરતાં તાંદળજો કે પાલકની ભાજી શ્રેષ્ઠ છે. તાંદળજાની ભાજી અનેક રોગ પર ગુણકારી છે. સંસ્કૃતમાં તેનું નામ વિષઘ્ન છે, તે યથાર્થ છે. ગરમીના જૂનામાં જૂના રોગ આ ભાજીથી મટે છે અને શરીર સાફ થાય છે. વાળ

ખરતા હોય તેના માટે આ ભાજી રામબાણ દવા છે. આર્યભિષેકમાં તો ત્યાં સુધી લખ્યું છે કે તાંદળજો ખાવાથી ટાલમાં પણ વાળ ઊગે છે.

હાલના સમયમાં હોટલોમાં જમવાવાળાઓ પાલક-પનીરની ભાજીમાં વિટામિન હોય તેમ માની હોંશે હોંશે ખાય છે. પાલકની ભાજી જો રાંધ્યા પછી લીલો રંગ પકડે તો માનવું કે તે તાજી છે. હોટલોમાં પાલકને બાફીને ક્રશ કરી તેની ગ્રેવી ફ્રિઝરમાં રાખવામાં આવે છે. આવી ભાજીમાં કોઈ ગુણ હોતો નથી. એનાં પાંદડાંમાં પુષ્કળ ઔષધીય ગુણો રહેલા છે. આ ભાજીમાં લોહ અને તાંબાના અંશો હોવાથી રક્તદોષનો નાશ કરે છે. તે પથરીને ગાળીને બહાર કાઢે છે અને ફેફસાંનો સડો મટાડે છે. ચોમાસામાં આ ભાજી ખાવી હોય તો સાથે સૂવાની ભાજી મેળવીને ખાવી જોઈએ જેથી વાયુ ન થાય.

લૂણીની ખટ્ટમીઠી ભાજી ગામડામાં ગોરમાના વ્રત કરતી વખતે કુમારિકાઓ બાફીને ખાય છે. આજે તો ભાજીપાલો કાચો ખાવાની ફેશન વધતી જાય છે. ખોરાકને રાંધવાની જરૂર નથી તેવો પ્રચાર થાય છે. એવું પણ કહેવાય છે કે ખોરાકને રાંધવાથી તેની પોષકશક્તિ નાશ પામે છે.

■ *નારણભાઈ પટેલ*


જૈનો માટે સગાપણ
એક મુંઝવતો પ્રશ્ન...હવે નથી
દેશ-વિદેશના ગુજરાતી જૈનોને સગપણથી
જોડવા માટેનું એકમાત્ર માસિક

(Publish from MUMBAI)
શુભ विवाह समाचार

લવાજમ ભરતા નીચે જણાવેલ લાભ મળશે.
૧) એક વર્ષ સુધી શુભ વિવાહ સમાચાર મેગેઝીન (બુક)
૨) તેજ બાયો-ડેટા વેબ-સાઈટપર ૧ વર્ષ સુધી રહશે
(૩ મિનીટનો વિડીઓ મુકી શકાશે)
૩) મેગેઝીનમાં બાયો-ડેટા એક વાર કલર ફોટા સાથે છપાશે.

એક વર્ષનું લવાજમ : રૂ.૫૨૫/-
બે વર્ષનું લવાજમ : રૂ.૧૦૦૦/-

વિદેશમાં પણ મેગેઝીન (બુક) મોકલાશે

Online Payment facility available on Website

• આ બુકનું વીતરણ મુંબઈ/બહારગામ/વિદેશમા પણ કરવામા આવશે

9320097973
Subh VIVAH SAMACHAR
MONTHLY MAGAZINE
For further details
MODI PRINTS
2/33, Dossa House, 5, Gunbow Street,
Fort, Mumbai - 400 001.
E-MAIL : vivahsamachar@gmail.com
www.subhvivahsamachar.com
www.sagpan.co.in

આ મેગેઝીનું પ્રકાશન દર મહિનાની ૫ તારીખ એ થાય છે


## BIO - DATA

| | |
|---|---|
| **Name** | : **NIRAV SURESHKUMAR DOSHI** |
| **Father** | : Sureshchandra Navalchand Doshi (Wankaner) |
| **Mother** | : Dhirajben Sureshchandra Doshi |
| **Caste** | : Machhukantha Vishashrimali Deravashi Jain |
| **Native** | : Wankaner |
| **Birth Date** | : 30th May 1980 (Light Mangal) |
| **Birth Time** | : 12.45 p.m. / Bhayandar |
| **Height** | : 5'-8" (173 cm) |
| **Education** | : B.E. Instrumentation |
| **Hobbies** | : Music, Sports & Meeting People |
| **Working As** | : Business Consultant WIPRO LIMITED |
| **Residential** | : C/6, Tirthankar Darshan, Jain Mandir Road, Devchand Nagar, Bhayandar (W), Thane-401 101. |
| **Contact No.** | : Resi.: 022-28195259<br>Cell : +91 9892512114 / 9324797257 |
| **E-Mail** | : nirav.doshi.s@gmail.com |
| **Mosal** | : Jatashankar Kuvarji Shah Ghatkopar (Wankaner) |

**MARITAL STATUS : DIVORCEE**

## BIO - DATA

| | |
|---|---|
| **Name** | : **RUPAL SHAH** |
| **Father** | : Dr. Rajendrakumar Javerchand Shah (M.B.B.S.) |
| **Mother** | : Dharmishtaben Rajendrakumar Shah (House Wife) |
| **Religion** | : Jain Shwetamber |
| **Birth Date** | : 3-5-1988 / 9.12 a.m. |
| **Birth Place** | : Navsari (Gujarat) |
| **Ht./Wt.** | : 5'-4" / 42 Kg. * **Colour :** Fair |
| **Education** | : Diploma Commercial Practice, B.Com., Doing Fashion Designing Course |
| **Service** | : Studying |
| **Mosal** | : Mahuva, Surat, Gujarat |
| **Address** | : B/102, Shakuntal Complex, Adajan Road, Beside Sanghvi Tower, Surat - 395 008. |
| **Mobile** | : 0261-2783480 |
| **Email** | : Yrupal.101@gmail.com |

# ધર્મજીવનનો આદર્શ : પુણિયો શ્રાવક

એક બહુ સુંદર વાત જૈન શાસ્ત્રોએ બતાવી છે કે જગતના સર્વ જીવો તમારી પાસેથી પ્રેમની અપેક્ષા રાખે છે. અહિંસાની, દયાની અને નમ્રતાની અપેક્ષા રાખે છે. આથી બીજાને નિર્દોષ પ્રેમ આપવો તે ધર્મ, બીજા જીવોની અહિંસા કરવી, દયા આચરવી તે ધર્મ અને બીજા જીવો સાથે સરળતાભર્યો અને ક્ષમાભર્યો વર્તાવ કરવો તે ધર્મ અને માટે જ જીવનમાં ધર્મની જરૂર છે.

જૈન શાસ્ત્રોમાં પુણિયા શ્રાવકનું દૃષ્ટાંત ખૂબ જ પ્રેરણાદાયી રીતે વર્ણવાયેલું છે. રાજગ્રહી નગરીનો આ મહાન શ્રાવક પુણિયો અત્યંત ગરીબીમાંય અદ્‌ભુત મસ્તી ધરાવતો મહાન આત્મશ્રીમંત હતો, ભગવાન શ્રી મહાવીરદેવનો એ અવ્વલ ભક્ત હતો. મહાવીરદેવના અપરિગ્રહના સિદ્ધાંતોને સાંભળીને તેણે પોતાની સર્વ સંપત્તિનો સાત ક્ષેત્રોમાં સદ્‌વ્યય કરી નાખ્યો હતો. તેણે અભિગ્રહ (પ્રતિજ્ઞા) ધારણ કર્યો હતો કે પોતે અને પોતાની પત્ની બે જ જણાને માત્ર એક દિવસ ચાલે એટલું અન્ન મેળવવા પૂરતું જ ધન તેણે રોજ કમાવવું.

અને આજીવિકા ચલાવવા તેણે પૂણીઓ બનાવીને જીવનનિર્વાહ કરવા માંડ્યો, ત્યારથી તેનું નામ 'પુણિયા શ્રાવક' તરીકે પ્રસિદ્ધ થઈ ગયું. વળી, એકવાર ભગવાન મહાવીરદેવના શ્રીમુખે સાધર્મિક ભક્તિના અદ્‌ભુત મહિમાનું વર્ણન સાંભળીને પુણિયાને પણ સાધર્મિક ભક્તિ કરવાનું મન થયું.

પોતાની ધર્મપત્નીને તેણે નિજમનની અભિલાષા કહી બતાવી, પણ.... એક જણને જમાડવા માટે હવે વધુ ધન કમાવવું પડે અને વધુ તૈયારી કરવી પડે. તેમ કરતાં પોતાની સામાયિક વ્રતની ધર્મારાધનામાં વિક્ષેપ પડે. તે ધર્મસાધનામાં ઘટાડો કરવો પડે તે તો પુણિયાને મંજૂર ન હતું.

છેવટે ધર્માત્મા દંપતીએ રસ્તો કાઢ્યોઃ એક દિવસ પતિ ઉપવાસ કરે અને એક સાધર્મિકને જમાડે, બીજા દિવસે પત્ની ઉપવાસ કરે અને એક સાધર્મિકને જમાડે અને આ રીતે એકાંતરા ઉપવાસ અને રોજના એક સાધર્મિકની ભક્તિનો લાભ લેવાનો ક્રમ ચાલુ થઈ ગયો. આવી અત્યંત સાધારણ સ્થિતિમાંય પુણિયા શ્રાવકની અને તેની ધર્મપત્નીની સામાયિક વગેરે ધર્મસાધના અદ્‌ભુત રીતે ચાલતી રહી. ધર્મ જ્યારે સહજ પરિણામ પામે છે ત્યારે કેવું દિવ્ય ચિત્તસ્થૈર્ય લાધે છે તેનું સચોટ દૃષ્ટાંત પુણ્યાત્મા પુણિયો છે. પુણિયાની અદ્‌ભુત સામાયિક સાધનાના તો પ્રભુ શ્રી મહાવીરદેવે પોતાના શ્રીમુખે અત્યંત વખાણ કર્યાં હતાં. સંપૂર્ણ નીતિપૂર્વક જ જીવન જીવવાની પુણિયાને પ્રતિજ્ઞા હતી. અનીતિની એક પાઈ ભૂલથીય પોતાના જીવનમાં ઘૂસી ન જાય તેની પુણિયો સતત કાળજી કરતો હતો. એક દિવસ એક ઘટના બની ગઈ.

પુણિયા શ્રાવકનું ચિત્ત સામાયિકમાં ચોંટતું જ ન હતું, રોજના જેવી સુંદર ચિત્તની લયલીનતા સામાયિકમાં સધાતી ન હતી.

સામાયિક તો પૂરું થયું, પણ સામાયિકમાં ચિત્તની એકાગ્રતા ન સધાઈ તેનો ખટકો પુણિયાના મનમાંથી ગયો નહીં. તેણે પોતાની પત્નીને પૂછ્યું, 'આજે ઘરમાં અનીતિનો કોઈ પદાર્થ આવી ગયો છે ખરો?'

પરંતુ પત્નીએ તેનો જવાબ નકારમાં આપ્યો, ત્યારે પુણિયાએ ફરીથી કહ્યું 'આજે કદી ન બનનારી ઘટના બની છે, આજે સામાયિકમાં મારું ચિત્ત ચોંટ્યું નહિ, તેથી મને લાગે છે કે અવશ્ય આપણા ઘરમાં ભૂલથી પણ અનીતિની કોઈ ચીજ આવી હોવી જોઈએ. નહિ તો આવી ગરબડ થાય જ નહિ, તું બરાબર વિચાર કરીને મને જવાબ દે.'

ખૂબ સમય બાદ, મનમાં વિચાર-વિમર્શ કરતાં પત્નીને અચાનક યાદ આવ્યું, 'હા... સ્વામીનાથ! આપણાં છાણાં અને બાજુવાળા પડોશીનાં છાણાં સાથે-સાથે પડેલાં, ઉતાવળમાં આપણાં છાણાં લાવતાં એકાદ છાણું પડોશીનું આવી ગયું હશે તેમ મને લાગે છે.'

અને તે વખતે જ પુણિયાએ કહ્યું : 'બરોબર! હવે મને સામાયિકમાં એકાગ્રતા ન આવવાનું કારણ સમજાઈ ગયું. જાઓ આ બાજુવાળા પડોશીને તે છાણું પાછું આપી આવો.'

અને પત્ની જ્યારે તે પડોશીને છાણું પાછું આપી આવી ત્યારે જ પુણિયાના જીવને શાંતિ વળી.

અનીતિના લાખ સુખને પણ જે રાખ બરાબર લેખે તે જ સાચો ધર્મી!! આજે જ્યારે અનીતિ જ નીતિ બની ગઈ છે, ઘોર અનીતિ કરીને, કરોડો-અબજો રૂપિયાનાં કૌભાંડો કરીને અબજોપતિ બની જનારા વેપારીઓ, શરદલાલો અને સત્તાધીશો જ લોકજીવનમાં 'આદર્શ' રૂપ બનતા ચાલ્યા છે ત્યારે પુણિયાના શ્રાવકનાં ધર્મ અને નીતિનાં દૃષ્ટાંતો પુનઃ ગૂંજતાં કરવાની તાતી જરૂરિયાત ઊભી થઈ છે તેમ હજી પણ તમને ન લાગતું હોય તો એને વિષમકાળની બલિહારી જ ગણવી રહે ને?

અહીં ધર્મનો અર્થ માત્ર 'ધર્મની ક્રિયાઓ' જ નથી કરવાનો! ધર્મ એ આંતરપરિણામ સ્વરૂપ છે. ધર્મની બાહ્ય ક્રિયા કરતાં કરતાં હૃદયની નિર્મળતા અને આંતરવિશુદ્ધિ સુધી પહોંચવાનું છે.

■ *પૂજ્ય આચાર્યશ્રી સૂરિશ્વરજી ''દક્ષશિશુ''*

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

લગ્નઈચ્છુક યુવક-યુવતીઓની યાદીમાં છપાવવા માટે નામ મોકલનાર વડીલોને ખાસ વિનંતી કે BIO-DATAમાં મોકલનારનું નામ, સહી તેમ જ ફોન નંબર/મોબાઈલ નંબર સ્વચ્છ અક્ષરમાં મોકલે. જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડની ઑફિસ દ્વારા તેઓનો સંપર્ક ટેલિફોન દ્વારા થયા બાદ જ તેમની વિગત ''જાગૃતિ સંદેશ''માં છાપવામાં આવશે. BIO-DATA મોડામાં મોડા દરેક મહિનાની ૩૦ તારીખ સુધીમાં ઑફિસમાં મળી જવો જોઇએ. મોડી Entry ત્યાર પછીના અંકમાં છાપવામાં આવશે.

## યુવતી

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | જાનકી નલિનભાઈ હરડે, ૩૦-૧-૧૯૮૭, ૫'-૩'<br>11th Science Pass – ટીચર | દશા. શ્રી. શ્વે. મૂ. પૂ. જૈન<br>હાલ મહેસાણા | (ઘર) ૦૨૭૬૨-૨૨૩૬૬૧<br>(મો) ૯૨૨૮૧૦૮૦૦૧ |
| ૨) | ફોરમ શાંતિલાલ શાહ, ૧૧-૩-૧૯૮૦, ૫'-૧''<br>B.Com. 1st Class - International Education Counselor | ઘો. વી. શ્રી. મૂ. પૂ. જૈન<br>કોલિયાક – મુંબઈ | (ઘર) ૨૩૮૬૦૩૧૭<br>— |
| ૩) | દિવ્યા કમલેશભાઈ પારેખ, ૨-૯-૧૯૮૬, ૫'-૧''<br>B.Com., Persuing M.Com. – | શ્રી ઘો. દ. શ્રી. દેરા. જૈન<br>મોટા કોઠારા – વસઈ રોડ | (ઘર) ૦૨૫૦-૨૩૪૫૫૯૪<br>(મો) ૯૮૧૯૪૬૭૨૪૬ |
| ૪) | દિપાલી બિપીનચંદ ઝવેરી, ૨૬-૪-૧૯૭૬, ૫'-૦''<br>S.S.C. – એક્યુપ્રેસર ટ્રીટમેન્ટ આપે છે (હળવો મંગળ છે) | સુરત વી. ઓ. દેરા. જૈન<br>સુરત – મુંબઈ | (મો) ૯૮૨૦૪૯૪૩૫૦<br>૯૭૬૯૦૫૮૭૧૫ |
| ૫) | દીપ્તિ દિલીપભાઈ મહેતા, ૧૦-૧૦-૧૯૮૪, ૫'-૨''<br>Final C.A. – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>મોરબી – દાદર | (ઘર) ૨૪૩૭૨૨૮૫<br>(મો) ૯૮૨૦૬૫૫૨૧૭ |
| ૬) | કૃતિકા કમલેશભાઈ પારેખ, ૬-૯-૧૯૮૮, ૫'-૪''<br>B.Com., Persuing M.Com. – | શ્રી ઘો. દ. શ્રી. દેરા. જૈન<br>મોટા કોઠારા – વસઈ રોડ | (ઘર) ૦૨૫૦-૨૩૪૫૫૯૪<br>(મો) ૯૮૧૯૪૬૭૨૪૬ |
| ૭) | કવિતા અનિલભાઈ મહેતા, ૧૦-૧૨-૧૯૮૪, ૫'-૨''<br>M.Sc. with Chemistry – | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>હાલ જામનગર | (ઘર) ૦૨૮૮-૨૫૬૫૬૮૬<br>(મો) ૯૮૯૮૭૨૦૨૧૬ |
| ૮) | મેઘા રાજેન્દ્રકુમાર શાહ, ૭-૬-૧૯૮૪, ૫'-૨''<br>B.M.S., M.B.A., – Kotak Mahindra Bankમાં સર્વિસ | વીજા. વીસા ઓ. જૈન<br>વીજાપુર – સાંતાક્રુઝ (વે) | (ઘર) ૨૬૬૦૫૧૦૪<br>(મો) ૯૩૨૨૨૨૭૫૭૧ |
| ૯) | મેઘના વિજયભાઈ દોશી, ૨૦-૧૦-૧૯૮૪, ૪'-૧૧''<br>Commercial Art, Master Craft in Photography – | મ. કાં. વી. શ્રી. દેરા. જૈન<br>મોરબી – ઘાટકોપર | (ઘર) ૨૫૦૬૬૦૩૫<br>(મો) ૯૦૦૪૬૭૧૦૫૭ |
| ૧૦) | પાયલ વિજયભાઈ ઝવેરી, ૧૭-૪-૧૯૮૧, ૫'-૪''<br>B.Com., M.B.A., INIFD Pre for USA – (ઘર-૨૪૯૮૫૭૮૭) | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>પાટણ – વરલી (મુંબઈ) | (ઑ) ૨૪૯૮૫૭૮૭<br>(મો) ૯૮૯૨૯૬૬૭૭૯ |
| ૧૧) | દીપ્તિ ભુપતરાય ઠોસાણી, ૨૯-૫-૧૯૮૧, ૫'-૨''<br>B.Com.+Compute Telly Pursuing MBA, – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સાવરકુંડલા – મલાડ | (ઘર) ૨૮૮૩૦૩૦૮૨૭/૨૧૧૪<br>(મો) ૯૬૧૯૭૦૭૪૯૪ |
| ૧૨) | રાજુલ અશ્વિનભાઈ શાહ, ૧૦-૭-૧૯૮૧, ૫'-૫''<br>B.Com., PGDFM – સર્વિસ | ઝાલાવાડી મૂ. પૂ. જૈન<br>સુરેન્દ્રનગર – બોરીવલી | (ઘર) ૨૮૦૨૨૯૯૬<br>(મો) ૯૮૩૩૨૪૧૮૨૯ |
| ૧૩) | સોનલ અશોકભાઈ મહેતા (૧૨-૫-૧૯૭૭), ૫'-૨''<br>B.Com., – કૉમ્પ્યુટર ઑપરેટિંગ-ગ્રાફિક્સ-એકાઉન્ટિંગ (ટેલી ૫.૪) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ભુંભલી – ઘાટકોપર | (ઘર) ૨૫૦૬૨૨૨૦<br>(મો) ૯૮૯૨૦૦૨૬૬૦ |

# યુવક

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | તેજસ સુરેશભાઈ શાહ, ૧૫-૧૧-૧૯૮૨, ૫'-૧૧''<br>B.E., M.E., PGDBM – બિઝનેસ | નવસારી વિભાગ વી. પો.<br>નવસારી – અંધેરી | (ઘર) ૨૬૮૩૨૯૪૪<br>(ઑ) ૨૬૭૧૧૩૧૨ |
| ૨) | ભૌતિક જિતેન્દ્રકુમાર નાવડિયા, ૨૬-૪-૧૯૮૧, ૫'-૩''<br>S.Y.B.Com., – બિઝનેસ | નવગામ ભાવસાર<br>ભાવનગર – સાંતાક્રુઝ | (ઘર) ૨૬૦૪૮૭૨૦<br>(મો) ૯૮૧૯૦૦૮૦૪૬ |
| ૩) | દર્શિક સુધીરભાઈ નારીચાણિયા, ૪-૮-૧૯૮૬, ૫'-૯''<br>S.S.C., – સર્વિસ | દેરાવાસી જૈન<br>વઢવાણ – ગોરેગામ | (ઘર) ૨૮૭૪૪૦૨૦<br>(મો) ૯૮૯૨૫૧૫૦૫૧ |
| ૪) | કૌશલ વિનોદભાઈ શાહ, ૧૮-૧૦-૧૯૮૧, ૫'-૬''<br>F.Y.J.C. – બિઝનેસ (છૂટાછેડા લીધેલ છે, મંગળ છે) | વીસા ઓસ. દેરા. જૈન<br>પ્રભાસપાટણ – બોરીવલી | (ઘર) ૨૮૦૫૯૯૧૦<br>(મો) ૯૮૯૨૦૧૬૩૬૭ |
| ૫) | વિશાલ બિપીનચંદ્ર ઝવેરી, ૮-૧૨-૧૯૭૩, ૫'-૬''<br>S.S.C., – ડાયમંડ એસોર્ટર-શૅરબજાર (હળવો મંગળ છે) | સુરત વીસા ઓસ. દેરા. જૈન<br>સુરત – મુંબઈ | (મો) ૯૭૬૯૦૫૮૭૧૫<br>૯૯૨૦૬૯૩૩૮૮ |
| ૬) | મનીષ મનસુખલાલ ચંદરિયા, ૨-૧-૧૯૭૭, ૫'-૮''<br>B.Com., Computer – સર્વિસ (છૂટાછેડા લીધેલ છે) | હા. વી. ઓ. જૈન-જામનગર<br>રાવલસર – ભિવંડી | (ઘર) ૦૨૫૨૨૨૨૩૧૬૩<br>— |
| ૭) | નિકુંજ હેમેન્દ્રભાઈ શાહ, ૧૩-૩-૧૯૮૫, ૫'-૮''<br>B.Com., MBA, – બિઝનેસ (મંગળ છે) | વીસા ઓસ. દેરાવાસી જૈન<br>પ્રભાસપાટણ-બોરીવલી | (ઘર) ૨૮૬૨૨૭૧૨<br>(મો) ૯૩૨૩૮૧૦૩૪૩ |
| ૮) | તેજસ હર્ષદભાઈ શાહ, ૨૧-૬-૧૯૮૩, ૫'-૧૧''<br>B.Com., – બિઝનેસ | દશા મૂ. પૂ. ઝા. દેરા. જૈન<br>ધ્રાંગધ્રા – સાયન | (ઘર) ૨૪૦૮૩૫૩૮<br>(મો) ૯૮૧૯૨૦૪૦૯૦ |
| ૯) | અંકિત નરેન્દ્રભાઈ ગાંધી, ૧૧-૧૧-૧૯૮૧, ૫'-૧૦''<br>Electronic & Com. Eng., – પિતાના બિઝનેસમાં સાથે | દેરાવાસી મૂ. પૂ. જૈન<br>વેજલપુર – યુ.એસ.એ. | (ઘર) ૨૮૫૭૪૧૦૩<br>(મો) ૯૩૨૩૭૦૫૨૮૬ |
| ૧૦) | અભય હર્ષદભાઈ શાહ, ૮-૧૦-૧૯૭૯, ૫'-૩''<br>B.Com., C.A. Final, – સર્વિસ | ઘો.વીસા ઓ.શ્વે.મૂ.પૂ. જૈન<br>વલ્લભીપુર – બોરીવલી | (ઘર) ૨૮૯૯૭૨૧૨<br>(મો) ૯૨૨૩૩૪૯૮૫૭ |
| ૧૧) | ચિંતન જિતેન્દ્રભાઈ શાહ, ૪-૩-૧૯૮૪, ૫'-૧''<br>C.A., LL.B. (Gen.), – | —<br>ઊંઝા – કાંદિવલી (વેસ્ટ) | (ઘર) ૬૬૬૮૩૧૭૯<br>(મો) ૯૮૧૯૭૬૪૪૭૫ |
| ૧૨) | ધીરેન મહેન્દ્રભાઈ શાહ, ૬-૩-૧૯૭૫, ૫'-૧૦''<br>S.Y.B.Com., – સર્વિસ (૯૩૨૩૩૪૪૫૧૧/૯૩૨૨૭૫૨૧૦૫) | દેરાવાસી જૈન<br>પાટણ – વિલે પાર્લે | (ઘર) ૩૨૪૩૬૭૭૭<br>(ઑ) ૨૬૧૩૬૫૭૭/૮૮ |
| ૧૩) | ધવલ અશ્વિનભાઈ મહેતા, ૨૨-૯-૧૯૮૫, ૫'-૧૧''<br>B.Com., MBA, – સર્વિસ | દશા શ્રીમાળી જૈન<br>ઉમરાળા – મુલુંડ | —<br>(મો) ૯૮૧૯૬૩૩૦૨૧ |
| ૧૪) | હિમાન્શુ નવીનચંદ્ર શાહ, ૫-૬-૧૯૭૩, ૫'-૬''<br>S.Y.J.C., – સર્વિસ (મંગળ છે) | દેરાવાસી જૈન<br>વડનગર – વિલે પાર્લે | (મો) ૯૮૩૩૩૯૫૬૦૪<br>— |
| ૧૫) | મૃગેશ નલિનભાઈ હરડે, ૨૧-૧-૧૯૮૪, ૫'-૧૧''<br>MD (Part II), BHMS – ડૉક્ટર (૯૯૨૫૯૩૮૫૯૩) | દ. શ્રી. શ્વે. મૂ. પૂ. જૈન<br>મહેસાણા | (ઘર) ૦૨૭૬૨-૨૨૩૬૬૧<br>(મો) ૯૨૨૮૧૦૮૦૦૧ |

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧૬) | હેમંત યશવંતરાય શેઠ, ૨૨-૫-૧૯૬૯, ૫'-૫''<br>B.Com., – બિઝનેસ (Divorcee - No Child) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>મોટી પાનેલી – મલાડ | (ઘર) ૨૮૦૭૯૩૭૧<br>(ઑ) ૨૨૬૯૧૭૭૧ |
| ૧૭) | નિકુંજ નરેશભાઈ શાહ, ૧-૭-૧૯૭૪, ૬'-૦''<br>C.A., – (સગપણ તૂટેલ છે) | દેરાવાસી જૈન<br>કૅમ્પસ કોર્નર (મુંબઈ) | (ઘર) ૨૩૮૭૮૩૫૮<br>(મો) ૯૮૨૦૪૪૨૧૭૭ |
| ૧૮) | ઓજસ શાંતિલાલ શાહ, ૩-૨-૧૯૭૯, ૫'-૫''<br>B.Com. 1st Class – બિઝનેસ | ઘો. વીસા શ્રી. મૂ. પૂ. જૈન<br>કૅમ્પ્સ કોર્નર | (ઘર) ૨૩૮૬૦૩૧૭<br>— |
| ૧૯) | પ્રણવ નરેશભાઈ શાહ, ૧૧-૪-૧૯૭૯, ૫'-૭''<br>B.Com., – ડાયમંડમાં સર્વિસ (છૂટાછેડા લીધેલ છે) | વી. ઓ. મૂ. પૂ. દેરા. જૈન<br>પાલનપુર – બોરીવલી | (ઘર) ૯૩૨૦૮૭૪૯૧૧<br>(મો) ૯૦૨૯૫૫૦૨૫૩ |
| ૨૦) | પારસ નવીનચંદ્ર દોશી, ૧૫-૯-૧૯૭૭, ૫'-૮''<br>B.Com., – સર્વિસ (છૂટાછેડા લીધેલ છે.) | વીસા ઓસવાલ જૈન<br>વિજાપુર – ભાઈન્દર | (મો) ૯૯૬૯૯૬૩૧૦૦<br>— |
| ૨૧) | પીયૂષ પ્રેમચંદ શાહ, ૨-૧-૧૯૭૮, ૫'-૪''<br>C.A., – સર્વિસ (ત્રણ વખત સગપણ તૂટેલ છે) (શનિ છે) | હા. વી. ઓ. જૈન-જામનગર<br>તરઘરી દેવરિયા-અંધેરી | (ઘર) ૨૬૮૩૯૯૮૧<br>(ઑ) ૨૮૨૧૪૬૬૯ |
| ૨૨) | તુષાર વસંતભાઈ મડિયા, ૧૮-૨-૧૯૭૯, ૫'-૮''<br>S.S.C., – ડાયમંડમાં સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>બગસરા – ઘાટકોપર | (ઘર) ૨૫૦૦૩૮૨૫<br>(મો) ૯૮૨૦૮૨૩૦૮૬ |
| ૨૩) | વિશાલ ચંદ્રકાન્તભાઈ શાહ, ૭-૯-૧૯૮૫, ૫'-૬''<br>S.Y.J.C., – સર્વિસ (આછો મંગળ છે) | જૈન<br>પાટણ – મુંબઈ | (ઘર) ૨૩૪૧૨૭૧૩<br>— |
| ૨૪) | રાજન કિરીટકુમાર મહેતા ૭-૪-૧૯૮૫ ૫'-૧૦''<br>H.S.C., – પ્રિન્ટિંગનો બિઝનેસ (મંગળ છે) સગપણ મૂકેલ છે | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>વરાડિયા – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૩૭૭૪<br>(મો) ૯૮૨૧૪૪૨૮૫૦ |
| ૨૫) | મિતુલ ભુપતરાય ઠોસાણી ૧૬-૧-૧૯૭૯ ૫'-૮''<br>B.E. Mechanical – સર્વિસ (શનિ છે) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સાવરકુંડલા – મલાડ | (ઘર) ૨૮૮૩૦૮૨૭<br>(મો) ૯૮૧૯૭૦૭૪૯૪ |
| ૨૬) | નયન દિલીપભાઈ મહેતા, ૬-૬-૧૯૭૯, ૬'-૦''<br>M.Com., – સર્વિસ – ITમાં મૅનેજર | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>રાજકોટ – ડોંબિવલી | (ઘર) ૦૨૫૧-૨૮૮૫૯૨૮<br>(મો) ૯૩૨૨૩૩૧૬૭૬ |
| ૨૭) | ભાવેશ સનમુખરાય વૈદ, ૧૮-૩-૧૯૭૪, ૫'-૬''<br>S.S.C., – બિઝનેસ (સગપણ તૂટેલ છે) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>બિલખા – રાજકોટ | (ઘર) ૨૩૭૬૨૬૩<br>(ઑ) ૨૨૨૬૬૪૦ |
| ૨૮) | જિગર હર્ષદભાઈ શાહ, ૨૭-૯-૧૯૮૨, ૬'-૨''<br>C.A., ICAI, – સર્વિસ (આસિસ્ટન્ટ મૅનેજર) (મંગળ છે) | ઘોઘારી વી. શ્રી. દેરા. જૈન<br>શિહોર – વડાલા | (મો) ૯૮૧૯૭૯૯૫૪૭<br>૯૮૬૭૮૪૫૦૦૫ |
| ૨૯) | નિમિશ ભરતભાઈ પારેખ, ૩-૭-૧૯૮૨, ૫'-૭''<br>12th Pass – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગોંડલ – રાજકોટ | (મો) ૮૧૨૮૫૩૫૫૬૨<br>(ઑ) ૨૪૭૩૬૯૩ |
| ૩૦) | સંદીપ શશિકાંતભાઈ કરાણિયા, ૪-૧૨-૧૯૮૧, ૫'-૭''<br>B.Com., – બિઝનેસ (છૂટાછેડા લીધેલ છે) | હા. વી. ઓ. (જામનગર)<br>લાખાબાવડ – ભિવંડી | (ઘર) ૦૨૫૨૨-૨૫૫૩૨૭<br>(મો) ૯૯૭૦૨૫૭૩૮૩ |